श्री आर्य ... नी ... न अर्वाचीन

व्यवस्थानुं दिग्दर्शन.

યોજક અને પ્રકાશક,

કેશવલાલ મગનલાલ ત્રિવેદી.

કાર્યાધિકારી—શ્રી શારદાપીઠ.

મુ. અમદાવાદ.

અમદાવાદ—પાનકોરના નાકે [illegible]

[illegible]

સંવત ૧૯૭૪. ૫૦૦ સને ૧૯૧૮.

કિંમત ૦-૪-૦.

તાં કરેલાંરો

અને ન્યાય અને કુદરત

જ્યાં એક આચાર્યની પણ ૧.

શ્રી શ્રી ભાસ્કાર ભગવાનના

ના ધાર્મિક લાગણી છે શ્રી. સ્વાર્થસાધુઓ મૂર્ખ અને તેના

યાં પણ મારે અને તેમાં સમ્મત ના વૈરવૃત્તિ ઉશ્કેરાય તેવીજ

પૂર્વોક્ત કરકારીથી સાચા સ્માર્તો અને તેનો વારો તો કાલે આપણો

વિચાર કરનાર સર્વ ધર્મો અને સંપ્રદાયના અનુયાયીઓની લાગણી ઉશ્કેરાયા વિના અને

યા વિના રહી નથી. સાચા સનાતનીઓ સમજે છે કે—:

પતિવ્રતા પાણી ભરે, પાતર પેંડા ખાય; સીદે સાચા સંત જન, સેતાનો હરખાય. ૧

શુદ્ધ સનાતની પ્રજાનો ધર્મ તેના વિરોધીઓ વડે દહાંદુવિધા પ્રપંચી પંચાતિયાથી સોએ

કાના જોખમમાં નાંખવામાં આવે છે તેમ એકને બદલે ત્રણ આચાર્યો થયા તેમાં પણ

છે. અને પ્રજાએ પ્રીતે પોતાના ધર્મનું રક્ષણ કરવાનો ખરો રસ્તો પોતાની મેળે જ

લીધો છે. તેજ રસ્તો વ્યાજબી છે. અને જેઓએ પ્રજાને તે રસ્તો લેવાની ફરજ

તેઓ સનાતન હિંદુ ધર્મ ઉપર અને તેમાં પણ સ્માર્ત્ત જનસમુદાયના ધર્મ ઉપર

૧ કરનારા છે; તથા જગદ્ગુરુ શ્રીમદ્ રાજરાજેશ્વર શંકરાચાર્ય મહારાજ જ

શચાર્ય છે—એ ત્રણ સત્યોનું ખરાપણું પ્રમાણ પુરઃસર તપાસવાને અને

માનરી કરવાને લોકોને સાધન પુરાં પાડવાના પવિત્ર હેતુથી આ

ગી મૂકવામાં આવે છે.

અને સદાચાર વિરૂદ્ધ એક પ્રસિદ્ધ રીતે સુંતરેલ ગણાતા

એક સ્થાનિક હકીકતથી અજાણ્યા તથા પોતે પસંદ

જડ ભૂલખાઈ ગયેલા આચાર્યે બનાવેલા બીજા—

ે ઉપમર્દ થયેલો જણાયાથી જ પ્રજાએ પોતાના સાચા

યકારના પીઠાધિપતિપદે આવેલા આચાર્ય શ્રીરાજ-

ાર્યું છે. તેમાં પ્રજાએ કાંઇ અયોગ્ય કર્યું નથી,

ધ સનાતની પ્રજાના હાથમાં એક શસ્ત્ર તરીકે

ા વમ સમજુ છું. અને સાચા સ્માર્ત્તોને ખરા અંતઃકરણ પૂર્વક

વારંવાર અભિનંદન આપું છું કે—મોટાની છાસ પોટલે વેચનારા બની, એક દેશી રાજાએ

જાણીબુઝીને અને એક ભોળા આચાર્યે ભૂલમાં કરેલી આચાર્ય બનાવવાની પ્રવૃત્તિને ટેકો

આપનારા ચાલમેલીઆઓની વાતને ન માનતાં ધર્માનુસાર થયેલા એક ત્રીજા આચાર્યનેજ

માનવાની જાહેર હિમત તેઓએ પ્રદર્શિત કરી છે, તે સર્વ પ્રકારે પ્રશંસાપાત્ર છે, અને

તથા શ્રી સદાશિવ ભગવાન્ તેઓને અભ્યુદય અને નિઃશ્રેયસની સિદ્ધિ આપશે—સનાતન

હિંદુ ધર્મનું રક્ષણ શ્રીશાંકરપીઠની શુદ્ધિના સંરક્ષણમાંજ સમાયલું છે. इति शिवम्.

કેશવલાલ મગનલાલ ત્રિવેદી.

કાર્યાધિકારી—શ્રીશારદાપીઠ.

श्री

श्री आद्यशंकराचार्य स्थापित मठोनी प्राचीन [illegible]

व्यवस्थानुं दिग्दर्शन.

મહેરબાન " શ્રી મહાજ્યોતિ " ના અધિપતિ જોગ.

મુ: અમદાવાદ.

વિશેષ—નીચેની ધાર્મિક અને સાર્વજનિક હકીકત આપના માસિકમાં લેશોજી.

(૧) હાલમાં શ્રી શારદાપીઠના શંકરાચાર્ય કૈ. શ્રીમન્માધવતીર્થ મહારાજના સમાધિસ્થ થયા બાદ ત્રણ આચાર્યો એક શારદાપીઠના થયા છે. તે પહેલાં કરવીર અને સંકેશ્વર મઠના એકને બદલે બે આચાર્યો (કરવીર અને સંકેશ્વરના) જૂદા જૂદા થયા છે. એ સઘળું કાર્ય કળિના મહિમાથી કહો કે રાજા કાલસ્ય કારણમ્ એ વચન પ્રમાણે બન્યું છે એમ કહો તો ઘટે તેમ છે. પરંતુ શાસ્ત્રદષ્ટના આચાર્ય અને મુખ્યત્વે કરીને શંકરાચાર્ય થવાને પ્રધાન કયાં લક્ષણુની અગત્યતા દર્શાવી છે, તે જોવાની જરૂર છે.

સાધારણ આચાર્યના લક્ષણ માટે આદિ મહારાજર્ષિ મનુ ભગવાન બીજા અધ્યાયમાં કહે છે કેઃ—

उपनीय तु यः शिष्यं वेदमध्यापयेद्द्विजः ।
सकल्पं स रहस्यं च तमाचार्यं प्रचक्षते ॥ १४० ॥

અર્થ—જે બ્રાહ્મણ પોતાના શિષ્યને ઉપનયન સંસ્કાર કરી, કલ્પસૂત્ર વગેરે [illegible] તથા ઉપનિષદ સાથે વેદ ભણાવે છે તે આચાર્ય કહેવાય છે.

સદરહુ ભગવાન મનુજીના આધારે વશિષ્ઠાદિ મહર્ષિઓએ પણ આચાર્યનું [illegible] બાંધ્યું કેઃ—

स्वयमाचरते यस्तु आचारे स्थापयत्यपि ।
आचिनोति च शास्त्रार्थानाचार्यस्तेन चोच्यते ॥

અર્થ—જે પોતે આચાર પાળે છે, પછી બીજાને આચારમાં સ્થાપે છે, અને શાસ્ત્રના અર્થનો નિર્ણય કરે છે તે આચાર્ય કહેવાય છે. આ શ્લોકમાં "સ્વયમાચરતે" એ અન્વય છે.

ઉપર દર્શાવેલા શ્લોકમાં કરેલી મર્યાદા પ્રમાણે શ્રી ભગવાન્ ભાષ્યકાર શંકરાચાર્ય મહારાજે ધર્મની મર્યાદા બાંધી હતી, અને પ્રજાને સદાચારમાં પ્રવર્તાવી હતી. તે ઉપરથીજ તેઓશ્રીને રાજાપ્રજા તરફથી આચાર્યપદવી આપવામાં આવી હતી, અને તેઓશ્રી ચાતુર્વર્ણ્ય પ્રજાને ધર્મોપદેશ કરવા માટે આ ભારત વર્ષમાં ચાર મોટાં ધામ પોતાના મઠ માટે પસંદ કરી ત્યાં ગાદીઓ સ્થાપી તેપર પોતાના શિષ્યોનો અભિષેક કરી તે દરેકે કેવી રીતે વર્તવું અને ધર્મોપદેશ કેવી રીતે કરવો તેને માટે સ્વમુખે એક મહાનુશાસન કથી ગયા છે, જેને મઠામ્નાય મહાનુશાસન કહે છે, જે પ્રસિદ્ધ છે, તેના અંતભાગમાં આજ્ઞા કરી છે કેઃ—

कृते विश्वगुरुर्ब्रह्मा त्रेतायां ऋषिसत्तमः ॥
द्वापरे व्यास [illegible] भवान्[illegible] ॥ [illegible] ॥

અર્થ—કૃતયુગને વિષે સાક્ષાત્ બ્રહ્મા, ત્રેતાયુગને વિષે વસિષ્ઠ, દ્વાપરયુગમાં વ્યાસ નારાયણ અને આ કલિયુગમાં માત્ર હું (આદ્યશંકરાચાર્ય ભગવાન્ ભાષ્યકાર) આચાર્ય છું.

વળી શ્રી ભગવાન્ શંકરાચાર્ય મહારાજે પોતે સ્થાપન કરેલી ગાદી ઉપર આવનાર આચાર્યનાં લક્ષણ દર્શાવતાં આજ્ઞા કરી છે કે—

शुचिर्जितेन्द्रियोवेदवेदांगादिविशारदः ॥
योगज्ञः सर्वतंत्राणामस्मदास्थानमाप्नुयात् ॥ २८ ॥
उक्तलक्षणसंपन्नः स्याच्चेन्मत्पीठभाग् भवेत् ॥
अन्यथारूढपीठोपि निग्रहार्हो मनीषिणाम् ॥ २९ ॥

અર્થ—પરમપવિત્ર કુલીન બ્રાહ્મણમાંથી થયેલો શુદ્ધ અવિચ્છિન્ન દંડી સંન્યાસી જિતેન્દ્રિય (બાળબ્રહ્મચારી) તથા વેદવેદાંગમાં પારંગત તથા યોગજ્ઞ એટલે સ્વસ્વરૂપાવસ્થાનરૂપ યોગને જાણનાર તથા સર્વ તંત્રનો જાણનાર મારી સ્થાપેલ ગાદીને માટે યોગ્ય છે એમ જાણવું, અને એથી વિપરીત લક્ષણવાળો સંન્યાસી કદાચ ભોગજોગે ગાદી ઉપર આરૂઢ થયો હોય તો પણ મારા ધર્મમર્યાદાના પ્રદેશના વિદ્વાનોએ તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂકવો. આવી આજ્ઞા ફરમાવેલ છે. જેમ વસિષ્ઠ ભગવાને આચાર્ય થવા માટે **સ્વયમાચરતે**—પોતે આચાર પાળવો વગેરે આજ્ઞા કરી છે, તેમજ શ્રી ભગવાન શંકરાચાર્યે આચાર્ય થવા માટે શુચિ પવિઃ અને કુલીન પ્રથમ મૂકેલ છે.

શ્રીમજ્જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્થાપિત ગાદી ઉપર આવનાર આચાર્ય કેવા જોઇએ તે દર્શાવતાં શ્રી ભારતવર્ષના તે વખતના શ્રી સુધન્વા સાર્વભૌમ મહારાજાએ શ્રી આદ્ય શંકરાચાર્યને વિજ્ઞપ્તિ કરેલ—તે વિજ્ઞપ્તિ પત્ર નાહક હમણાં શાંત્યાનંદને શંકરાચાર્ય બનાવ્યા તે સમયે દ્વારકામાં ગાયકવાડ સરકારના ધર્માધ્યક્ષ મી૦ ચેતરજીએ વાંચ્યો હતો. તેમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

पारंपर्यक्रमागतो हि महाकुलीनत्वादिगुणविशिष्टाचार्यलक्षणैरान्वित एव श्रीभगवत्पादीयपीठाधिकारमर्हति ઇત્યાદિ.

ઉપરની સંસ્કૃત પંક્તિમાં પણ જે મહાકુલીન પરમપવિત્ર બ્રાહ્મણ કુલમાંથી થયેલો અવિચ્છિન્ન દંડી સંન્યાસી હોય તેજ શંકરાચાર્ય સ્થાપિત ગાદીના શંકરાચાર્ય થઇ શકે છે એમ છે.

શ્રી શંકરાચાર્યની ગાદીએ આવનાર અવિચ્છિન્ન દંડી સંન્યાસી જોઇએ તેમજ તે પૂર્વાચાર્યનો શિષ્ય હોવો જોઇએ. તેને અભાવે મઠની પરંપરાનો સંન્યાસી ઉપર બતાવેલ લક્ષણવાળો જોઇએ. તેને અભાવે અગતિકગતિન્યાયે ગમે તે મઠનો અવિચ્છિન્ન અને શુદ્ધ દંડી સંન્યાસી જોઇએ. પરંતુ બ્રહ્મીભૂત શંકરાચાર્યના ખાસ શિષ્યને અભાવે પોતાના મઠના બ્રહ્મચારી શિષ્ય હોય તે પણ શ્રી શંકરાચાર્યની ગાદી માટે સંન્યાસદીક્ષા લેઇ ગાદીએ આવી શકે છે. તેવા બ્રહ્મચારી શિષ્ય ના હોય તોજ મઠના સંન્યાસીઓ પૈકી ગાદી ઉપર આવી શકે છે. આવું પૂર્વાચાર્યોનું કથન છે અને તેવા દાખલા બનેલા છે પણ ખરા.

શ્રી ભગવાન્ શંકરાચાર્ય પોતાના મહાનુશાસન મઠામ્નાયમાં ઉપદેશે છે કેઃ—

प्रथमः पा[illegible]माम्नायः शारदा मठ उच्यते ॥
[illegible]रः सम्प्रदायस्तस्यतीर्थाश्रमौ शुभौ ॥ १ ॥
द्वारकाख्यं हि क्षेत्रं स्याद्देवः सिद्धेश्वरः स्मृतः ॥
[illegible] तु देवी स्यादाचार्यो विश्वरूपकः ॥ २ ॥
[illegible]तीर्थममलं ब्रह्मचारी स्वरूपकः ॥
सामवेदस्य वक्ता च तत्र धर्मं समाचरेत् ॥ ३ ॥

ભાવાર્થ—પશ્ચિમનો શારદામઠ વર્ણિ છે અને તેનો કીટવાર સંપ્રદાય તથા તેના સંન્યાસીઓ તીર્થ અને આશ્રમ છે. ક્ષેત્ર દ્વારકા—દેવ શ્રી સિદ્ધેશ્વર મહાદેવ—દેવી શ્રી ભદ્રકાળી અને તે ગાદીના પ્રથમાચાર્ય શ્રી વિશ્વરૂપાચાર્ય—શ્રી સુરેશ્વરાચાર્ય—(મંડનમિશ્ર પૂર્વાશ્રમી) છે. તીર્થ ગોમતી છે. અને શ્રી શારદાપીઠના બ્રહ્મચારી સ્વરૂપ. પીઠનો વેદ સામવેદ છે. એ રીતે ધર્માચરણ કરવાની મર્યાદા છે.

पूर्वाम्नायो द्वितीयः स्याद् गोवर्धनमठः स्मृतः ॥
भोगवारः संप्रदायो वनारण्ये पदे स्मृते ॥ ४ ॥
पुरुषोत्तमं तु क्षेत्रंस्याज्जगन्नाथोऽस्य देवता ॥
विमलाख्या हि देवी स्यादाचार्यः पद्मपादकः ॥
तीर्थं महोदधिः प्रोक्तं ब्रह्मचारी प्रकाशकः ॥
ऋगाव्हयस्तस्य वेद स्तत्रधर्मं समाचरेत् ॥ ६

ભાવાર્થ—પૂર્વામ્નાયમાં બીજો મઠ ગોવર્ધન નામનો. [illegible]ર સંપ્રદાય છે અને સન્યાસી વન તથા અરણ્ય. પુરૂષોત્તમ ક્ષેત્ર અને શ્રી [illegible]—વિમલાદેવી અને આચાર્ય પદ્મપાદાચાર્ય વા સનંદનાચાર્ય છે. તીર્થ મહોદધિ અને એ મઠના બ્રહ્મચારી પ્રકાશ. વેદ ઋગ્વેદ—એ રીતે ધર્માચરણ કરવા ફરમાવ્યું.

[illegible]त्तराम्नायो ज्योतिर्मान्हि मठोभवेत् ॥
आनंदवारो विज्ञेयः सम्प्रदायोऽस्य सिद्धिकृत् ॥ ७
पदानि तस्य ख्यातानि गिरिपर्वतसागराः ॥
बदरीशाश्रमः क्षेत्रं देवता च स एवहि ॥ ८ ॥
देवी [illegible]ागरा ज्ञेया आचार्यस्तोटकः स्मृतः ॥
तीर्थंत्वलकनंदाख्यं नंदाख्यो ब्रह्मचार्यभूत् ॥ ९ ॥
[illegible]ख्यस्तत्र धर्मं समाचरेत् ॥

ભાવાર્થ—ત્રીજો ઉત્તરામ્નાયનો જ્યોતિર્મઠ. તેનો સંપ્રદાય આનંદવાર—તેના ત્રણ સંન્યાસીઓ ગિરિ પર્વત અને સાગર—ક્ષેત્ર બદરિકાશ્રમ—અને દેવ બદરીનાથ. દેવી પુનાગરી

અને આચાર્ય તોટકાચાર્ય. અલકનંદાતીર્થ. બ્રહ્મચારી નંદ નામના છે. તેનો વેદ અથર્વણ—એને અવલંબી ધર્માચરણ કરવું.

चतुर्थो दक्षिणाम्नायः श्रृंगेरी तु मठोभवेत् ॥ १० ॥
भूरिवाराह्वयस्तस्य संप्रदायः सुशोभनः ॥
पदानि त्रीणि ख्यातानि सरस्वतीभारतीपुरी ॥ ११ ॥
रामेश्वराह्वयं क्षेत्रं आदिवाराहदेवता ॥
कामाक्षी तस्य देवी स्यात्सर्वकामफलप्रदा ॥ १२ ॥
पृथ्वीधराह्व आचार्यस्तुंगभद्रेति तीर्थकम् ॥
चैतन्याख्योब्रह्मचारी, यजुर्वेदस्य पाठकः ॥ १३ ॥

ચોથો દક્ષિણામ્નાયનો શૃંગેરી મઠ તેનો સંપ્રદાય ભૂરિવાર, તેના ત્રણ સન્યાસીઓ સ-રસ્વતી ભારતી અને પુરી, શ્રી રામેશ્વર ક્ષેત્ર, આદિવારાહ દેવતા, કામાક્ષી દેવી, તેના આચાર્ય પૃથ્વીધર—હસ્તામલકાચાર્ય, તુંગભદ્રાતીર્થ, બ્રહ્મચારી ચૈતન્ય અને વેદ યજુર્વેદ છે. એ રીતે ધર્માચરણ કરવા આજ્ઞા છે.

…काश्चत्वार आम्नाया यतीनां हि पृथक् पृथक् ॥
सर्वे चतुराचार्य नियोगेन यथाविधि ॥ १४ ॥

…ા છે કે યથાવિધિ ચાર આચાર્ય નીમીને તેમના તાબાના સંન્યાસીઓના જુદા …ર આમ્નાયો કહેલા છે.

…ोक्तव्याः स्वधर्मेषु शासनीयास्ततोऽन्यथा ॥
…त एव सतत–मटनं धरणी तले ॥ १५ ॥

…થી ઉપર અટન કરતા રહે, તેમને આચાર્યે સ્વધર્મમાં યોજવા અને વળી તે… …સંબંધમાં આજ્ઞા કરતાં ભાષ્યકાર ભગવાન્ કથે છે કે સ્વધર્મથી અન્યથા વર્તે તો તેમને આ… શિક્ષા કરવી.

विरुद्धाचारसंप्राप्तान् वाचार्याणां समाज्ञया ॥
लोकान् संशीलयंत्येव स्वधर्माऽप्रतिरोधतः ॥ १६ ॥

આ…ચાર્યએ કરેલી યથાયોગ્ય આજ્ઞાથી તે સંન્યાસીઓ વિરૂદ્ધાચરણમાં પડેલા લોકોને સ્વધર્મનો વિરોધ છોડાવીને સુશીલ બનાવે.

ઉપર પ્રમાણે આજ્ઞાઓ કર્યા બાદ ચારે મઠને ધર્મ મર્યાદાના દેશો વહેંચી આપ્યા તેનું સંસ્કૃત અને ગુજરાતીમાં લખતાં લેખ લંબાઈ જવાના ભયથી સાર આપું છું કે

(૧) શ્રી શારદાપીઠના તાબામાં–સિંધ–સૌવીર–સૌરાષ્ટ્ર–મહારાષ્ટ્ર–રજપુતાના મધ્ય પ્રાંત.
(૨) શ્રી ગોવર્ધન મઠના તાબામાં–અંગ–બંગ–કલિંગ–મગધ–ઉત્કલ–અને બર્બર દેશ.
(૩) શ્રી જ્યોતિર્મઠના તાબામાં–કુરૂ–કાશ્મીર–કામ્બોજ–પંજાબ વગેરે દેશો.
(૪) શ્રી શૃંગેરી મઠના તાબામાં તેલંગ–દ્રાવિડ–કર્ણાટક–કેરલ–વગેરે દેશો એ રીતે દેશોની વહેંચણી કર્યા પછી ફરમાવે છે કે—

मर्यादैषा सुविज्ञेया चतुर्मठविधायिनी ॥
तामेतां समुपाश्रित्य आचार्याः सुप्रतिष्ठिताः ॥ २१ ॥
स्वस्वराष्ट्रप्रतिष्ठित्यै संचारः सुविधीयतां ॥
मठे तु नियतं वास आचार्यस्य न युज्यते ॥ २२ ॥
वर्णाश्रमसदाचारा अस्माभिर्ये प्रसाधिताः ॥
रक्षणीयास्त एवैतेः स्वे स्वे भागे यथाविधि ॥ २३ ॥
यतोविनष्टिर्महती धर्मस्यात्र प्रजायते ॥
मान्द्यं संत्याज्यमेवात्र दाक्ष्यमेव समाश्रयेत् ॥ २४ ॥

ભાવાર્થ—એ પ્રકારે ચારે દિશાના ચારે આચાર્યોએ મઠની મર્યાદા જાણી તે સંભાળીને યથાર્થ વર્તનપૂર્વક સુપ્રતિષ્ઠિત થઇ તેમણે પોતપોતાના ધર્મમર્યાદાના પ્રદેશમાં સ્થિત રહી પોતાનાજ પ્રદેશમાં મર્યાદાપૂર્વક વિચરવું. મઠના અધિષ્ઠાતા (શંકરાચાર્ય) તેમણે મઠમાં પડી રહેવું નહીં, પણ પોતાના ધર્મમર્યાદાના પ્રદેશમાં ચાતુર્વર્ણ્ય પ્રજાને વર્ણાશ્રમધર્મથી જાગૃત રાખવા અને અમે જે વર્ણાશ્રમધર્મનો પુનરૂદ્ધાર કર્યો છે તેને દરેક આચાર્યે પોતપોતાના દેશમાં રક્ષવા. સ્વધર્મનો વિનાશ થાય માટે કોઇ આચાર્યે મંદતા કરવી નહીં ને સ્વધર્મનું રક્ષણ કરવું. કદાચ તેમ કરતાં પણ ચાતુર્વર્ણ્ય પ્રજામાં જો નાસ્તિકતા વ્યાપે તો યુક્તિપુરસ્સર સ્વધર્મનો પ્રકાશ કરવામાં ડહાપણ વાપરવું. ઇત્યાદિ બોધ આપી આજ્ઞા કરે છે કે,

परस्परविभागे तु प्रवेशो न कदाचन ॥
परस्परेण कर्त्तव्या आचार्येण व्यवस्थितिः ॥ २५ ॥
मर्यादाया विनाशेन लुप्येरन्नियमाः शुभाः ॥
कलहागारसंपत्तिरतस्तां परिवर्जयेत् ॥ २६ ॥
परिव्राडार्यमर्यादो मामकीनां यथाविधि ॥
चतुःपीठाधिगां सत्तां प्रयुंज्याच्च पृथक् पृथक् ॥ २७ ॥

ભાવાર્થ—એક બીજાના વિભાગમાં કોઇ આચાર્યે પ્રવેશ કરવો નહિ, અને તે સંબંધી તકરાર ઉપસ્થિત થાય તો આચાર્યોએ માંહોમાંહ્ય સમજુત કરવી. ધર્મ અને આચાર્યની મર્યાદાનો વિનાશ થવાથી ધર્મના શુભ નિયમોનો વિનાશ થાય છે. માટે માંહોમહે કલહ ઉપજે એવું કાર્ય કદાપિ કાળે કરવું નહિ. મારા સ્થાપન કરેલા આર્ય મર્યાદાવાળા સંન્યાસીઓ (શંકરાચાર્યો) એ મારીજ આજ્ઞાનુસાર સર્વ મર્યાદાને યથાવિધિ પાળવી અને ચારે મઠની આચાર્યસત્તા પૃથક્ પૃથક્ વાપરવી—આ પ્રમાણે આજ્ઞા છે, કારણકે પ્રસંગે એકબીજાના મઠની ધર્મમર્યાદાના પ્રદેશમાં મહાયાત્રા વગેરે માટે જવું પડે તો પરવાનગી લેવાની મર્યાદા છે.

(૩) ઉપર પ્રમાણે મહાનુશાસનમાં દર્શાવ્યા મુજબ ચાર મઠ અને ચારજ આચાર્યો શ્રી શંકરભગવાને સ્થાપ્યા. તે પ્રમાણે ઘણાં વરસો સુધી વ્યવસ્થા ચાલી. બાદ શ્રી ગોવર્દ્ધન

મઠ અને જ્યોતિર્મઠના વન-અરણ્ય અને ગિરિ, પર્વત, સાગર પાંચ તથા શૃંગેરી મઠના માત્ર ભારતી સિવાયના ભારતી, પુરી બે મળી સાત સંન્યાસીઓ સંન્યાસધર્મમાંથી ભ્રષ્ટ થઈ ગોસાંઇ થઇ ગયા. એ પ્રમાણે શ્રી ભગવાન શંકરાચાર્ય મહારાજે દશવિધ બ્રાહ્મણની સુવ્યવસ્થા કરી દશવિધ સંન્યસીઓ (**તીર્થ, આશ્રમ, સરસ્વતી, ભારતી, પુરી, વન, અરણ્ય,** ગિરિ, પર્વત, સાગર).ની વ્યવસ્થા કરી તેમાંથી માત્ર ત્રણ (**તીર્થ, આશ્રમ, સરસ્વતી.**) હાલ શુદ્ધ સંન્યાસીઓ અવિચ્છિન્નદંડી રહ્યા છે. બાકીનાઓ સાત (**પુરી, ભારતી,** વન, અરણ્ય, ગિરિ, પર્વત, સાગર) ભ્રષ્ટ થયા છે. પ્રત્યક્ષ છે.

“ गोवर्धनज्योतिर्मठाचार्य[illegible]तयाररण्यप[illegible]तनामकयतीश्वरयोरपि गोसाविमार्गपतिततया शिष्टाचारबहिष्कृतत्वेन तन्मठौ किल निराचार्यौ समभूताम् । तदनंतरमाद्यगः कनखलवासी कश्चित्तीर्थनामा संन्यासी-जगन्नाथक्षेत्रयात्रायै समागत आचार्यपदाधिकारकारणविद्वत्त्वादिलक्षण-संपन्नतया गोवर्धनपीठे संस्थापितः ।। तत्परंपरागतास्तीर्थनामानोषतयो गोवर्धन मठाचार्याः प्रसिद्धयन्ति । दैववशात् बदरिकाश्रमे ज्योतिर्मठस्तु शून्या-[illegible]चार्य एवाद्याप्यनुभूयते । सप्त भ्रष्टास्त्रयः सिद्धाः इति सम्प्र-[illegible]चनात् [illegible]नारण्यगिरिपर्वतसागरभारतीपुरीनामानो हि सप्त विधयतयोयतिधर्ममात्ररहितागोसावीतिनिष्कासितास्सन्त इदानीं जाति-नियम एवतेषु न विद्यत इतीव तषामन[illegible]स्था । अस्मच्छृंगरीपीठा[illegible]तरा भारतीनामा न कोपियतिरन्यत्रास्ति। प्रतीयमानाः सर्वेपि भारतीनामानो गो-साविन एव ” ઇત્યાદિ.

તેનું ઇંગ્રેજી ભાષાન્તર મુંબઇ હાઇકોર્ટે તે કેસમાં કરાવ્યું છે તેમાં તે સંબંધી મજકુર નીચે પ્રમાણે છે.

Originally there were four Mathas, but some years after the two Lords of ascetics of the name of Aranya & Parwat who were the head preceptors (Acharyas) of the Goverdhan & Jyotir Mathas respectively degraded to the position of the Gosavi and severd from the proper Math, and thus these two Maths remained without any Acharya. There after a Sanyasi of the Tirthanama an inhabitant of Kankhal came to the holy place Jagannath and being possessed of necessary qualifications for the office of Acharya,-viz learning, he was placed on the sacred seat of the Goverdhan Math. It is well known that the Acharyas of the Goverdhan Matha are his descendants, being ascetics with Tirthas as their name. By the power of

fate, the Jyotir Matha at Badrikashram is seen without any Acharya like an unoccupied dwelling even at present.

From the clear text of the system *"Seven are lost and three have remained pure"* it is seen that the seven classes of ascetics viz:—Giri, Parwat, Sagar, Bharti, Puri, Vana & Aranya are devoid of any vestage of the religion of the ascetics. They are spoken of with contempt as Gosavi. Moreover they have no caste restrictions to govern them at present. Hence they are not respected (being out of order). There is no Sanyasi of the name Bharti at any place except the Acharya over the Shringeri Math. Those others who go by the names of Bharti are all Gosavis.

શ્રી આદ્યશંકર ભગવાને સ્થાપેલી ગાદીઓની અને સન્યાસીઓની વ્યવસ્થા ઉપર પ્રમાણે છિન્ન ભિન્ન થયાથી **શ્રી ગોવર્ધન મઠ,** અને **શ્રી** જ્યોતિર્મઠ એ બે મઠ વિચ્છિન્ન થયા, કેમકે તે બંન્ને મઠના પાંચે સન્યાસીઓ ભ્રષ્ટ થઇ ગોસાંઇ થઇ ગયા. કેટલોક કાળ શ્રી ગોવર્ધન મઠ આચાર્ય વિનાનો શૂન્ય–વિચ્છિન્ન રહ્યો. બાદ તે દેશના રાજા–પ્રજાએ શ્રી શારદાપીઠના તે વખતના શંકરાચાર્યને વિજ્ઞપ્તિ કરી શ્રી ગોવર્ધન મઠનો પુનરુદ્ધાર કરવા જણાવ્યું. તેથી શ્રી શારદાપીઠના **તીર્થ** અને **આશ્રમ** બન્ને સંશુદ્ધ અને અવિચ્છિન્ન દંડી સંન્યાસીઓ પૈકી તેજ દેશ મર્યાદાના હરદ્વાર પાસે કનખલ ક્ષેત્રના એક **તીર્થ** નામના અવિચ્છિન્નદંડી સંન્યાસીને શ્રી ગોવર્ધન મઠની ગાદીએ બેસાડ્યા. તે મઠની પરંપરા હાલસુધી **તીર્થ** નામના સંન્યાસીથી ચાલે છે. હાલ શ્રી **મધુસૂદનતીર્થ** સ્વામી વિદ્યમાન છે.

એ સર્વ હકીકત અનેIndian Law Report Bombay Vol XXXIII p. 258 અને Bombay Law Reporter 11 page 58 વાળા કેસમાં એક્ઝીબીટ નં ૩૩૩ માં શ્રી શૃંગેરીપીઠના શંકરાચાર્ય શ્રીનૃસિંહભારતીનો શકે ૧૭૭૪ ના ભાદ્રપદ કૃષ્ણ ૭ શનિવારનો પત્ર દાખલ થયેલો છે તેમાં જ્યોતિર્મઠ તથા ગોવર્ધન મઠ માટે લખે છે.

(૪) ઉપરના લેખથી સ્પષ્ટ સમજાય છે કે હાલમાં માત્ર શ્રી શારદામઠ સંશુદ્ધ સંપ્રદાય યુક્ત અદ્યાપિ સુધી રહ્યો છે. શ્રી ગોવર્ધન મઠ પણ વિચ્છિન્ન થયે હતો તેના ઉપર શારદા પીઠના તીર્થનામા સંન્યાસીથી હાલ પરંપરા ચાલુ છે. એટલે શ્રી શારદા પીઠના આચાર્યોનું સ્વામિત્વ શ્રી ગોવર્ધન પીઠ ઉપર સ્થાપિત થયેલું છે. પરંતુ શ્રી શારદાપીઠ ઉપર ગોવર્ધન પીઠનું સ્વત્વ હોઇ શકે નહિ, પણ કોલમ બેમાં દર્શાવેલ વિજ્ઞપ્તિ પત્ર સાર્વભૌમ સુધન્વા મહારાજાનું **વિમર્શ** નામના ગ્રંથમાં પ્રસિદ્ધ થયું છે તેમાં પણ શ્રી શારદા પીઠને વરિષ્ઠ અને પ્રધાન પીઠ માન્યું છે અને અધિકારમાં પણ શ્રેષ્ઠત્વ આપેલ છે તેથીજ મહાનુશાસન મઠામ્નાયમાં **પ્રથમ: પશ્ચિમામ્નાય:** લખી શરૂઆત કરેલ છે. સદર વિજ્ઞપ્તિ પત્રમાં પણ નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

" बौद्धकापालिकादिसकलवादिदूषितपश्चिमस्यां दिशि वादिदैत्यांकुरः पुनर्माभवत्विति शारदापीठे किल द्वारकायां जैनैरुत्सा[illegible] त वज्रनाभनिर्मित-

...यादिदुर्दशां दूरीकृत्य भगवद्भिस्त्रिलोकसुन्दरनाम्ना ...नस्सान्निबद्ध भगवदालये श्रीकृष्णादिसकलमर्यादासुसंकृतायामधिगताशेषलौकिकवैदिक तंत्र विश्वविख्यातकीर्त्तिसर्वज्ञानमयान्विश्वरूपापरनामसुरेश्वराचार्यांश्चास्मत्सर्व लोकाभिमतिपूर्वकमभिषिच्यैवं चतुर्भ्य आचार्य्येभ्यश्चतसॄदिश आदिष्टा भारतवर्षस्य.। तएते तत्तत्पीठप्रणाल्या निंजनिजमेव मण्डलं गोपायन्तो वैदिकमार्गमुद्भासयन्तु.। सर्वेवयंतत्तन्मण्डलस्था ब्रह्मक्षत्रादयस्तत्तन्मण्डलस्यैवाचार्यस्याधिकाराधिकृता वर्त्तिष्यामहे च.। महद्भिर्निर्णयप्रसक्तौतु सुरेश्वराचार्य्या एवोक्तलक्षणतः सर्वत्रैव व्यवस्थापका भवन्तु भगवतामनुशासनाच्च.।

અર્થ—બૌધ કાપાલિક વગેરે સર્વ વાદિ લોકોએ વ્યાપ્ત કરેલી એવી પશ્ચિમ દિશાએ વાદિરૂપી દૈત્યોનો અંકુર ફરીથી ન થાય એવા હેતુથી શ્રી શારદામઠ ઉપર, વજ્રનાભે બાંધેલ અને જૈન લોકોએ તોડી નાખેલા ભગવાનના સ્થાન (દેવાલય)ની દુર્દશા દૂર કરીને ત્રિલોક સુંદર એ નામથી પ્રસિદ્ધ અને આપ ભગવાને બાંધેલા દેવાલયમાં શ્રી કૃષ્ણાદિ સર્વ મર્યાદા યુક્ત દ્વારકા ક્ષેત્રમાં સમગ્ર લૌકિક વૈદિક તંત્ર (શાસ્ત્ર) જાણનારા તથા સર્વ વિશ્વમાં પ્રસિદ્ધ જેની કીર્તિ છે એવા જેમનું નામ વિશ્વરૂપ અને અપર નામ શ્રી સુરેશ્વરાચાર્ય છે એમને અમે વગેરે સર્વ લોકોની સંમતિપૂર્વક અભિષેક કર્યો. એ પ્રમાણે ચારે આચાર્યોની ભરતખંડની ચાર દિશાઓમાં સ્થાપના કરીને વૈદિક માર્ગ પ્રકાશિત કરે. તે તે મંડળના અમો સર્વ બ્રહ્મક્ષત્રાદિએ તે તે દિશાના મંડળના આચાર્યના અધિકારમાં રહેવું. કદાચ **મોટા ગુંચવાડા ભરેલો નિર્ણય કરવાનો પ્રસંગ આવે તો શ્રી સુરેશ્વરાચાર્યજ ઉપર કહી ગયેલ લક્ષણ સંપન્ન હોવાથી તેમને** હાથેજ **વ્યવસ્થા કરવી.** શ્રી ભગવાનની આજ્ઞાથકી અમારી રાજ્યસત્તા પ્રમાણે અવ્યાહત ઉપર કરેલી મર્યાદા વિશ્વનાં સુસ્થિર ચાલશે.”

(૫) શ્રી આદ્ય ભગવાન્ ભાષ્યકારે મહાનુશાસન મહામ્નાયમાં દશ સંન્યાસી પૈકી ગાદીપતિ કયા સંન્યાસીને નીમવો એની પણ યોજના કરેલી છે તે નીચે પ્રમાણેઃ—

शारदामठ आचार्य आश्रमाख्यो बहूत्तमः ॥
गोवर्धनस्यविज्ञेयोऽरण्यनामा विचक्षणः ॥ २६ ॥
ज्योतिर्मठस्य सततं पर्वताख्यो निगद्यते ॥
शृंगवेरमठे नित्यं भारती बहुभावनः । २७ ॥

ભાવાર્થ—શ્રી શારદામઠના **આશ્રમ**, ગોવર્ધન મઠના અરણ્ય, જ્યોતિર્મઠના **પર્વત** અને શ્રી શૃંગેરી મઠના **ભારતી**, યોગપટ્ટ વાળા આચાર્ય આનવા નિયમ બાંધેલો છે, પરંતુ એ નિયમ બહુધા શૃંગેરી અને શ્રી શારદા મઠમાં અદ્યાપિ જળવાઇ રહ્યાનું જણાય છે. વચમાં ગોવર્ધનમઠ અને જ્યોતિર્મઠ વિચ્છિન્ન થયાથી અને દશ પૈકી સાત સંન્યાસીઓ ગોસાઇ થઇ જવાથી ત્યાં તૂટી ગયો છે.

(૬) અદ્યાપિ સુધી જ્યોતિર્મઠ વિચ્છિન્નજ છે. તેનો કોઇ આચાર્ય નહીં હોવાથી તે મઠના નામથી તેની શાખાના નામથી ઘણા નામધારી શંકરાચાર્યો ફરે છે તે બહાને વેષધારી જાણવા તેના સંબંધમાં Imperial Gazetteer by W. W. Hunter 1881 ના વૉલ્યુમમાં નીચે પ્રમાણે છે.

Joshi Math alias Jyotir Matha–chiefly remarkable as the winter residence of the Rawal, or priest of the temple of Badrinath, who retires hither after the snows have rendered the higher shrine inaccessible.

\+ + + + +

The chief priest known as the Rawal is always a Brahmin of the Namburi caste from Kirat Malbar in the Deccan.

Tho priest officiate at Badrinath from May to October, and there bury the treasure and retire to Joshi Math for the winter.

ઉપર પ્રમાણે જ્યોતિર્મઠ બદ્રિનારાયણના પૂજારી જે મલબારના નંબુરી જાતના બ્રાહ્મણ હોય છે, તેમના તાબામાં છે. જ્યારે શિયાળામાં બરફથી બદ્રિનાથનું મંદિર ઢંકાઇ જાય છે ત્યારે તે રાવળ પોતાના તાબાનાં માણસો સાથે જ્યોતિમઠમાં છ માસ સુધી ઘર કરીને રહે છે, એટલુંજ નહિ પણ સને ૧૯૦૦ ના વડોદરા લોરિપોર્ટ વાલ્યુમ ૯ પૃષ્ટ ૭૭ વાળા કેસના પૃષ્ઠ ૯૨ ના ચોથા પેરામાં નીચે પ્રમાણે લખેલ છેઃ—

" કામમાં થયેલા પુરાવા ઉપરથી એમ જણાય છે કે આદ્યશંકરાચાર્યે ચાર મઠ સ્થાપન કરેલા, તે એવા કે પશ્ચિમે દ્વારકા, પૂર્વે જગન્નાથ, ઉતરે બદ્રિકાશ્રમમાં જ્યોતિર્મઠ અને દક્ષિણે શૃંગેરી તે પૈકી હાલ ત્રણ અસ્તિત્વમાં છે, ને જ્યોતિમઠ અથવા જોષીમઠ વિચ્છિન્ન છે. "

એ સિવાય વડોદરા હાઇકોર્ટમાં સને ૧૯૧૧ માં એક કેસ નં. ૩૧ સને ૧૯૧૦–૧૧ નો થયો છે તેમાં "જ્યોતિર્મઠનો શંકરાચાર્ય એવી વ્યક્તિ લાંબાકાળથી નષ્ટ થઇ છે જ્યોતિમંઠ વિચ્છિન્ન છે. "–એમ લખેલું છે.

સદરહુ જ્યોતિર્મઠનો પુનરૂદ્ધાર કરવા માટે 'ી ભારત ધર્મ મહા મંડલ'ના નેતાઓ તજવીજ કરે છે, તે સંસ્થાના પ્રમુખ શ્રી દરભંગાના મહારાજા છે. તેઓ સને [illegible]૦૪ માં પોતાના પત્રમાં નીચે મુજબ લખે છે. જે પત્ર ૧૧ મુંબઇ લૉરિપોર્ટર પૃષ્ઠ ૫૮ [illegible] કેસમાં આંક ૩૩૬થી રજુ છે.

" His Highness is of opinion that every effort should be made for the re-establishment of Joshi Math which will require His Holiness' assistance.

હજુ જયોતિર્મઠનો પુનરૂદ્ધાર કરવાનો પ્રયત્ન જારી છે; તેને માટે શ્રી ભારત ધર્મ મહા મંડળ સરક્યુલર નં. ૮૪ તા. ૩૧–૧–૧૫ નો નીકલેલો છે.

(૭, શ્રી શૃંગેરી મઠના મૂળ આચાર્યો ભારતી નામથી પ્રસિદ્ધ છે, પરંતુ વચમાં શૃંગેરી મઠની પરંપરામાં ગોટાળો થયાથી તેની શાખાઓ થઈ છે. કુડલગી, સંકેશ્વર–

કરવીર, વિરૂપાક્ષ, કુંભકોણ, પુષ્પગિરિ. આ પાંચ શાખાઓ પૈકી કુંભકોણ ઉપર **સરસ્વતી** નામવાળા સંન્યાસી ગાદી ઉપર છે. તેને દ્રાવિડ દેશના લોકો માને છે. તેઓ બીજાને માનતા નથી. શૃંગેરી પરંપરાના આચાર્યો પુસ્તકસંન્યાસીની પરંપરાના ગણાય છે. માટે તેમને દેશમાં ફરી બ્રહ્મદંડ લેવાનો કે ધર્મન્યાય આપવાનો હક નથી. તે હક કુડલગી, કરવીર, સંકેશ્વર વગેરેને પ્રાપ્ત થયાનો સરકારી ઠરાવ થયાનો શકે ૧૮૧૧ માં શ્રી સંસ્થાન મઠ કરવીર તથા સંકેશ્વરનો ઇતિહાસ શશિશેખર દામોદર આઠલે જે સંકેશ્વરની શાળાના હેડ માસ્તર હતા તેમણે કોલ્હાપુરના જ્ઞાનસાગર છાપખાનામાં છપાવી પ્રસિદ્ધ કર્યો છે. તેમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે:—

એક સમયે શૃંગેરીઆચાર્ય શ્રી શંકરભારતી હિમાલયમાં થઇને ગુરૂની ગુફા જોવા ગયા. ત્યાંથી પાછા આવતાં વાયદા કરતાં વિશેષ સમય લાગ્યો. એથી ત્યાંના મહાજને કોઇક બ્રાહ્મણને પુસ્તક ગાદી પાસે મુકી સંન્યસ્ત લેવડાવી ગાદીએ બેસાડ્યા, એટલામાં શ્રી શંકર ભારતી પાછા આવ્યા અને શંગેરીમાં પેસવા ગયા તો નીચે પ્રમાણે પ્રત્યુત્તર મળ્યો;—

એક ગુરૂ વિદ્યમાન અસતાં દુસરા શિષ્ય ગાદીવર સ્થાપન કરાવયાચા નાહિં અસા પુર્વીપાસૂન નિયમ અસૂન આપણ હ્યા વિરૂદ્ધ વાગલા મ્હણૂન આમ્હી આતાં આપણાસ સૃંગેરા યેથેં યેઊ દેત નાહિં. એથી તેઓશ્રી **કુડલગીમાં** મઠની સ્થાપના કરી ત્યાં રહ્યા. એ હકીકતનો મ્હૈસુર રાજ્યમાં કેસ ચાલી તેનો નિકાલ તા. ૩૧ જાનેવારી સને ૧૮૫૫ માં થઇ બ્રિટિશ સરકારના દફતરે રજીસ્ટર થયાનું ઇતિહાસમાં છે. તે નીચે પ્રમાણે:—

શૃંગેરીચા મહાજન લોકાંની હલ્લીંચ પુસ્તકસન્યાસી કેલેલે ખરે અસા આમચા નિશ્ચય ઝાલા તથાપિ ઉપદેશ સંન્યાસ વિધિ વગેરે યાની દ્યાવા. પુસ્તકસંન્યાસી યાની ગાંવાંત રાહૂન શ્રી શારદા માતુશ્રીચી પુજારાધનાચાલવૂન મઠાંત નેમ નિષ્ઠા કરૂન રહાવે. શ્રી શંકરાચાર્ય પરંપરા પ્રાપ્ત ઝાલેલે સ્વામીં યાની સર્વ દેશાવર સંચાર વગેરે કરૂન કુડલગીસ રહાવે.

એ રીતે કુડલગીની સ્થાપના થયા બાદ શ્રી શંકરભારતી કાશીયાત્રાએ જવા નીકળ્યા. રસ્તામાં કોલ્હાપુર નજીક શ્રી સંખેશ્વર આવે છે તેની પાસેના કિલ્લાપર **હરિદ્રા** નામની દેવીનાં દર્શન કરવા ગયા. ત્યાં રાત્રે સ્વપ્ન આવ્યું કે " **તુમ્હી કાશીસ નજાતા એથેંચ શ્રી (સંખેશ્વર) મહાસ્થાન આહે વ કલમષનાશિની નદી આહે એથેંચ શ્રી સંખેશ્વરાચી આરાધના કરૂન રહાવે** " આ પ્રમાણે કરવીર-સંખેશ્વરની ગાદીની સ્થાપના થઇ. તે ગાદીવાળાનું માનવું એમ છે કે 'અમે શૃંગેરીના તાબાના નથી. પરંતુ શૃંગેરી હમારા તાબામાં છે. કેમકે તે પુસ્તકસંન્યાસીની પરંપરા પ્રાપ્ત છે, અને પોતે આદ્ય શંકરાચાર્ય પરંપરા પ્રાપ્ત છે.'

વિશેષ જોવાની ઇચ્છા હોય તેમણે "**શ્રી કરવીર સંકેશ્વરનો ઇતિહાસ**" જે ઉપર બતાવેલો છે તે જોવો. વળી એ સંબંધમાં **શ્રીમઠ સંકેશ્વર વ કરવીરની શકે ૧૮૨૬ માં હદ્દી નિર્ણય** નામનું પુસ્તક પ્રસિદ્ધ થયું છે. તેમાં મ્હૈસુર-કોલ્હાપુર, પેશ્વા વગેરે દેશી રાજ્યો તેમજ બ્રિટિશ સરકારના ઠરાવો તથા શંકરાચાર્યોનાં આજ્ઞાપત્રો છે. પરંતુ આ બધામાં તેમજ 3 Moor' s Indian Appeals માં શ્રી શૃંગેરી વિરૂદ્ધ ફિરયાદીનો

આંડી સાંબળાખાંનો કેસ છે તેમાં તેમ જ 33 Bombay વાળો કેસ છે તેમાં શૃંગેરી, કુંભકોણ, પુષ્પગિરિ, વિરૂપાક્ષ, કુડલગી, કરવીર–સંકેશ્વરના મઠો હોવાનો ઉલ્લેખ છે. પણ શિવગંગા મઠ એ નામની શ્રી શૃંગેરીની શાખા નથી. હાલમાં થોડાં વરસ થયાં શ્રી શિવગંગા મઠના સ્વામી આ ગુજરાત પ્રાંતમાં યાત્રાનું નામ દઇને આવેલા છે. સને ૧૯૦૬ સંવત ૧૯૬૨ માં શ્રી શારદાપીઠના જગતગુરૂ શંકરાચાર્ય શ્રીમન્માધવતીર્થ મહારાજની સ્વારી સુરતમાં હતી. ત્યારે શ્રી શારદાપીઠાન્તર્ગત પ્રદેશમાં તીર્થયાત્રા માટે સંચાર કરવાની પરવાનગી મેળવવા શિવગંગા મઠના સર્વાધિકારી વે. શા. સં. મહાદેવ શાસ્ત્રી તથા પંડિત ઉપાસને શાસ્ત્રી કે. રા. બા. નારાયણ ત્રિંબક વૈદ્યને લેઇને આવ્યા હતા. તે વખતે ચર્ચા ઉપસ્થિત થઇ હતી કે શિવગંગા નામની શ્રી સૃંગેરી મઠની શાખાજ અસ્તિત્વમાં નથી. પરંતુ પરવાનગી આપી તેનો દાખલો શારદા પીઠને દફતરે છે.

કરવીર–સંકેશ્વરની એક ગાદીના એકજ શંકરાચાર્ય ઘણાં વરસથી ચાલ્યા આવતા હતા. તેને બદલે કોલ્હાપુરના મહારાજા અને સનાતન વૈદિક ધર્માવલંબી પ્રજા વચ્ચે મતભેદ થવાથી કોલ્હાપુરના રાજાના શંકરાચાર્ય કરવીરમાં થયા, અને સનાતન વૈદિક ધર્માવલંબી પ્રજાના શંકરાચાર્ય શ્રી સંખેશ્વરમાં થયા. એ રીતે બે જુદી જુદી ગાદીઓ અને જુદા જુદા આચાર્યો કરવીર–સંખેશ્વરના થયા છે. એ રીતે રાજ્યકીય અને પ્રજાકીય શંકરાચાર્યનું બીજ પ્રથમ દક્ષિણમાં રોપાયું. રાજકીય શંકરાચાર્ય પ્રો૦ લિંગેશ થયેલા છે જેમણે પ્રયાગરાજના કુંભના મેળામાં અંત્યજોદ્ધારના કામમાં ભાગ લીધો છે, અને હજુ લેવાના છે એમ પેપરોમાં ઓન. ચંદાવરકર વગેરેની સહીની નોટિસ પ્રસિદ્ધ થઇ છે એથી સમજાય છે.

(૮) શ્રી શારદાપીઠના કૈ. પૂર્વાચાર્ય શ્રીમદ્રાજરાજેશ્વરશંકરાશ્રમ પોતાના પૂજ્યપાદ પૂર્વાચાર્ય શ્રીમત્કેશવાશ્રમ સ્વામીજીના સંવત ૧૯૩૧ માં થયેલા બ્રહ્મચારી શિષ્ય હતા. શ્રી મત્કેશવાશ્રમ સ્વામિજી સને ૧૮૭૫ માં સમાધિસ્થ થયા અને પાંચ માસ પછી સદર બ્રહ્મચારી શિષ્ય જેઓએ કરનાલી ક્ષેત્રના શ્રી આનંદાશ્રમ સ્વામીજી પાસેથી સંન્યસ્ત દીક્ષા લેઇ શ્રીમદ્રાજરાજેશ્વરશંકરાશ્રમ સ્વામી યોગપટ્ટ ધારણ કરીને વડોદરા–નડિયાદ થઇ અમદાવાદ પધારેલા. તેમને દ્વારકાની પ્રજા તરફથી તેડું આવ્યું અને અમદાવાદના સદ્‌ગૃહસ્થોએ તે વાતને અનુમોદન આપી તેઓશ્રીને દ્વારકા પધરાવવા અમદાવાદથી કેટલીક મંડલી ગઈ; અને દ્વારકાની પ્રજાએ કાશી વગેરે ક્ષેત્રોમાં પત્રો લખી ખાત્રી કરી સને ૧૮૮૦ માં શ્રીમદ્રાજ–રાજેશ્વરશંકરાશ્રમ સ્વામિ મહારાજને શ્રી શારદાપીઠના શંકરાચાર્યની ગાદીએ બેસાડી ગાદીની મિલકત જે દ્વારકાની પ્રજાના કબજામાં હતી તે સુંપી દીધી. આ વખતે સરકારે પરવાનગી કરી નહોતી.

શ્રી દ્વારકામાં દ્વારકાધીશ આદિ ૧૪ મંદિરો છે, તેની પૂજા નૈવેદ્ય માટે માજી સરકારોના વખતથી રોકડ નિમનોક શ્રી શારદાપીઠની ગાદીના શંકરાચાર્ય હસ્તે ચાલુ હતી. તે નીમણોક પણ સને ૧૮૮૦ ના માર્ચ માસમાં વડોદરા રાજ્યના દિવાન રાજા. સર. ટી. માધવરાવ પોતે દ્વારકા જાતે પધાર્યા, અને તેમણે શ્રીમત્કેશવાશ્રમ સ્વામિજીના પછી રીતસર શ્રીમદ્રાજરાજેશ્વરશંકરાશ્રમ ગાદી ઉપર આવ્યાનું ઠરાવી સદર નીમણોક તેમને હસ્તે ચલાવવા તા. ૧૨–૩–૮૦ ને રોજ ઠરાવ કર્યો છે.

કૈ. શ્રીમદ્રાજરાજેશ્વરશંકરાશ્રમ સ્વામિ સંવત ૧૯૫૬ માં મુંબાઇમાં સમાધિસ્થ થયા તેમને કોઇ સંન્યાસી કે બ્રહ્મચારી શિષ્ય નહોતો. માટે ગાદીના વારસની બાબતમાં ગોટાળો

થઇ લો. મા. તિલકે કાશી નિવાસી શ્રી કૃષ્ણાનંદ સરસ્વતીનું, ડાક્ટર સર. ભાલચંદ્ર ભાટવડે કરે શ્રીમન્માધવતીર્થનું, દ્વારકાની રૈયતે યોગિ વાસુદેવાનંદ સરસ્વતી તથા શ્રી દેવકીનંદનાચાર્યનાં નામ આપ્યાં. આ પ્રમાણે પ્રથમ ચાર અને પછી ઘણા ઉમેદવારો બહાર આવ્યા. છેવટે કે. શ્રીમન્માધવતીર્થ સ્વામી શ્રી શારદામઠના તીર્થ સંન્યાસી હોવાથી શ્રી શારદાપીઠને માનનારી પ્રજાએ વધુ પસંદગી તેમને આપી. તે લક્ષમાં લેઇ વડોદરા રાજ્યે શ્રી શારદાપીઠની મીલકત જે બીનવારસી ગણી કાયદેસર કબજે લીધી હતી તે તેમને સુપરત કરી. પછી તેઓશ્રીનો શ્રી શારદાપીઠની ગાદી ઉપર પટ્ટાભિષેક થયો. તે પહેલાં સને ૧૯૦૨ માં તેઓશ્રીએ દ્વારકાથી શ્રી શારદાપીઠની ગાદી બ્રિટિશ રાજ્યમાં સ્થાપન કરવા વડોદરા નરેશને જાહેર કર્યાનું શારદાપીઠને દફતરે છે.

(૯) કે. શ્રીમન્માધવતીર્થ સ્વામી સને ૧૯૦૩ માં દ્વારકા છોડી સંચારમાં નિકળ્યા, અને ૧૯૦૪ માં અમદાવાદમાં મઠ સ્થાપી પાદુકા પધરાવી સને ૧૯૦૮ માં ડાકોરમાં મકાનો લેઇ શ્રી શારદામઠ સ્થાપન કર્યો, અને તા. ૨૭-૯-૧૬ ને રોજ ડાકોરમાંજ સમાધિસ્થ થયા. મઠની સઘળી માલમીલકત ડાકોરના મઠમાં રાખી. તેઓશ્રી સને ૧૯૦૩ માં દ્વારકા ત્યજી ગયા પછી બ્રહ્મીભૂત થયા ત્યાંસુધીમાં પોતે દ્વારકા પધાર્યાજ નથી. હાલ તેમની મિલકત સંબંધી અદાલતમાં ખટલો ચાલુ છે.

શ્રી શારદાપીઠની ડાકોરવાળી મિલકતના સંબંધમાં અદાલત થતાં કે૦ શ્રીમન્માધવતીર્થ સ્વામીના બે બ્રહ્મચારી શિષ્યોએ દાવો કર્યો. ત્યારે વડોદરા રાજ્યે પણ રેસિડેન્સિ માર્ફત પોતાનો દાવો દાખલ કર્યો. એ અદાલત અમદાવાદની જીલ્લા કોર્ટમાં ચાલી ગાયકવાડ સરકાર તરફથી પોતાના દાવાની પુષ્ટિમાં મુંબઇ ગેઝીટીયર વાલ્યુમ ૯ ભાગ ૧ પાનું ૫૪૨

"The Dwarka seat is called Sharda Pitha. Throne of Learning, and is endowed by the Gaekwar of Baroda, who sanctions the appointment of every new pontiff."—એ બતાવવામાં આવ્યું

સને ૧૮૧૭ ની સાલમાં દ્વારકા ઉપર ગાયકવાડનો અમલ શરૂ થયાનું "એચીસન્સની ટ્રીટી" સાક્ષી પુરે છે. દરમ્યાન શારદાપીઠ ઉપર પાંચ સાત આચાર્યો થયા છે તેમાં કંઇપણ દરમ્યાનગી જેવું રાજ્યે કર્યું હોય તો શ્રીમન્માધવતીર્થની યોજના વખતેજ તેવું થયાનું જણાય છે. જે ઉપરના ગેઝીટીયરના ફકરાથી જણાય છે, તે સબલ પુરાવો ગણાય કે નહિ તેના ગુણદોષવિષે વિવેચન કરવાનું આ સ્થળ નથી

(૧૦) કે. શ્રીમન્માધવતીર્થ સ્વામીની જગાએ નવા આચાર્ય નીમવાની વડોદરા રાજ્યે તા. ૧-૧૨-૧૬ થી બે માસની મુદતની નોટીસ કઢાડી. વડોદરા રાજ્યમાં લગભગ પચીશ નામો નોંધાતાં તે બાબત પ્રોસીડીંગ થયું જે તા. ૨૦ જુલાઇ સને ૧૯૧૭ ના સાંજવર્તમાનમાં પ્રસિદ્ધ થયું છે. તે જોતાં [૧] શ્રીગોવર્ધનમઠના પટ્ટશિષ્ય સુબ્રહ્મણ્યદેવતીર્થ [૨] બ્રહ્મચારી શ્રી રામેશ્વરદત્ત [૩] સ્વામી શાન્ત્યાનંદ સરસ્વતી [૪] બ્રહ્મચારી પૂર્ણાનંદસ્વરૂપ [૫] સ્વામિ ત્રિવિક્રમતીર્થ આ પાંચ નામોના સંબંધમાં તેમાં ઉલ્લેખ છે. શ્રી સુબ્રહ્મણ્યદેવતીર્થને પૂર્વાશ્રમના ગૃહસ્થ અને સારસ્વત બ્રાહ્મણ જણાવ્યા. શ્રી રામેશ્વરદત્તને સંન્યસ્ત લેવાની વિટંબણા બાકી છે-એમ જણાવ્યું. તેવીજ રીતે બ્ર. પૂર્ણાનંદસ્વરૂપના સંબંધમાં વાંધો

જણાવ્યો અને શ્રીત્રિવિક્રમતીર્થના સંબંધમાં ઘણુંજ લંબાણ વિવેચન કરી ગાદીની લપણાના લોભથી અત્યંત પરિશ્રમ લીધાનું જણાવી પૂર્વાશ્રમના ગૃહસ્થ જણાવી ચંચળતા તથા ખટપટનો ધ્વનિ નિકળે તેવું કારણ બતાવી તેમને નાલાયક ગણ્યા. તેમને સિધપુરની ગાદી આપવા [પ્રથમ મત થયો] પરંતુ ઉપરના ધ્વનિને ટેકો મળે તેવી વાત પ્રસિદ્ધિમાં આવતાં સિદ્ધપુરને માટે પણ નાલાયક ઠરાવી શારદાપીઠને માટે પણ કેવળ નાપસંદ કર્યા.

વડોદરા રાજ્યે શ્રી શાંત્યાનંદ સરસ્વતીને સામાજીક સુધારણાના ઉદાત્ત વિચારવાળા તથા વિવાહ મીમાંસા લખનાર અને પરદેશ ગમનના પ્રતિપાદનના પુસ્તકો વગેરે લખનાર જણાવી તેમને માટે પાંચ ઉમેદવારોમાંથી વિશેષ પસંદગી બતાવી છે તેમ તા. ૨૫–૪–૧૭ વૈશાખ સુદ ૫ ને દિવસે શ્રીમંત વડોદરા નરેશે ભાષણ કર્યું હતું જે તા. ૩–૫–૧૭ ના સયાજીવિજયમાં તેમજ બીજાં પત્રોમાં છે. તેમાં ધર્મગુરૂ કેવા જોઇએ તે સંબંધી વ્યાખ્યાન કરતાં અસ્પૃશ્ય જાતિનો ઉદ્ધાર કરનાર તથા સ્પૃશ્યાસ્પૃશ્યનો બાધ નહિં ગણનાર જોઇએ વગેરે સુધારક વલણની આવશ્યકતા બતાવી હતી. તેમ તા. ૨૦–૭–૧૬ ના સાંજવર્તમાન ઉપરથી સમજાય છે કે જે અમુક શરતો ઉપર સહી કરી આપે તેને શંકરાચાર્ય પદ આપવું. અને સરતો ઉપર સહી કરી આપ્યાની પ્રતીતિ શ્રી શાંત્યાનંદના તા. ૧૭–૫–૧૭ ના વડોદરેથી પ્રસિદ્ધ કરેલા પત્રથી થાય છે. વડોદરા સરકારે તેમને નીમ્યા અને દ્વારકાની ગાદીએ બેસાડયા તેને બીજે દિવસે ચક્રવર્તી મહારાજા સુધન્વાનો વિજ્ઞપ્તિ પત્ર જે વડોદરા રાજ્યના ધર્માધ્યક્ષ મી. ચેતરજીએ કોલમ [૨] માં બતાવેલ વાંચ્યો હતો તે પૂર્વે દર્શાવેલ છે.

આ બનાવથી પેપરોમાં ઘણી ચર્ચાઓ ચાલી અને નાપસંદગીની સભાઓ ગામે ગામ થઇ તે વખતે શ્રી ગોવર્ધન મઠાધીશ્વર શ્રી મધુસૂદનતીર્થ અમદાવાદમાં હતા તેમના પ્રમુખ પદે અમદાવાદમાં ગંજાવર સભા થઇ ને વડોદરા નરેશની શાંત્યાનંદની પસંદગી વિરૂદ્ધ ઠરાવ પસાર થયા. તેવા ઠરાવો મુંબઇ, સુરત, ભાવનગર વગેરે શહેરોની સનાતન વૈદિક ધર્માવલંબી પ્રજાએ કરેલ છે. એટલુંજ નહિ પણ ગત આશ્વિન માસમાં મુંબઇમાં સનાતનધર્મ મહાસમ્મેલન થયું હતું તેમાં પણ ઠરાવો પસાર થયેલ છે.

(૧૧) શ્રી ગોવર્ધન મઠના પટ્ટ શિષ્ય સુબ્રહ્મણ્યદેવતીર્થ તથા ત્રિવિક્રમતીર્થ જેમનું વડોદરા રાજ્યે અપમાન કર્યું મનાયું હતું, એથી તેમાં કેટલાક કાઠીઆવાડી મળ્યા. એ બધાએ સરલ સ્વભાવના શ્રી ગોવર્ધન મઠાધીશ્વરને ભોળવી મહાનુશાસન મઠામ્નાય વિરૂદ્ધ વર્તન કરાવવા તું[illegible]ચ્યો. એ વયોવૃદ્ધ અને ભોળા દીલના મહાનુભાવ આચાર્યે પોતાની પીઠની મર્યાદાને અવલંબી પ્રથમ તો ના પાડી પરંતુ કેટલાક સમ્માનિત ગણાતા અને શિષ્ટતાનો બુરખો ધારણ કરનારા શ્રી ગોવર્ધનપીઠાધીશ્વરને આડે માર્ગે દોરવામાં ફાવ્યા. ઘણા વરસ સુધી આર્યસમાજમાં રહેલા અને એ પીઠાધીશ્વરના મુખનું પાન બનેલા એક ભોમાનંદ નામના અદંડી પરમહંસે શ્રી આદ્ય શંકરાચાર્ય પ્રણીત મહાનુશાસન મઠામ્નાયમાં કરેલી આજ્ઞાઓ ઉપર પગ મુકાવવાની ખટપટ ચલાવી હતી. તેવામાં કે૦ શ્રીમાધવતીર્થના બ્રહ્મચારી શિષ્ય શ્રીપરમાનંદસ્વરૂપને અમદાવાદની કેટલીક શિષ્ટ મંડલીએ સાથે લેઇ એ વૃદ્ધ આચાર્ય શ્રીને મળી તેમના અધિકાર સંબંધીએ મંડળીએ વિદિત કરી સંન્યસ્ત લેવડાવી શારદાપીઠાધીશ્વરની ગાદીએ યોજના કરવા વિનંતી કરી તે વાતને અનુમોદન આપ્યું. એ પ્રસિદ્ધિમાં આવતાં સદરહુ પરમહંસ ભોમાનંદ

અને ત્રિવિક્રમ તીર્થે બન્ને જણે એ વૃદ્ધ પીઠાધીશ્વરને વિચારને અવસર ન મળે તેટલી ઉતાવળ કરાવી સ્થાનિક હકીકતથી અજાણ્યા ભારત ધર્મ મહામંડલને મેળવી લીધું. (સદ્દહું બન્ને આર્યસમાજમાં રહેલા હોવાથી મૈત્રી હોય એ સંભવિત છે.) તેમણે કાઠિઆવાડમાં આવેલા પ્રભાસ ક્ષેત્રમાં નવીન શારદાપીઠ બનાવી સદર ત્રિવિક્રમ તીર્થને તેના શંકરાચાર્ય બનાવવાનો ઘાટ રચી એ કૃત્ય શ્રી ગોવર્ધનમઠના તેવાજ નિષ્કપટ પટ્ટ શિષ્ય શ્રી સુબ્રહ્મણ્યદેવતીર્થને હસ્તે કરાવવા ઉચિત ધાર્યું. કેમકે વડોદરા રાજ્યે તેમને શારદા પીઠના શંકરાચાર્ય બનાવવા કાશીથી બોલાવ્યા હતા, છતાં નાલાયક ઠરાવી અપમાન કર્યાનું તા. ૨૦-૭-૧૭ ના સાંજ-વર્તમાનમાં તે સંબંધી પ્રસિદ્ધ થયેલા પ્રોસીડીંગ્ઝથી સમજાય છે.

(૧૨) શ્રી મહાનુશાન મઠામ્નાય પ્રમાણે ફક્ત ચાર મઠ અને તેના ચાર જ આચાર્યો હોઈ શકે.

मठाश्चत्वार आचार्याश्चत्वारश्च धुरंधराः ॥
सम्प्रदायाश्चचत्वार एषा धर्मव्यवस्थितिः ॥ ३१ ॥

વળી ભગવાન્ શંકરાચાર્ય શ્રીએ પોતાની વ્યવસ્થા—વીલ—માં બતાવેલ નિર્ણય યથા યોગ્ય સંપ્રદાયાનુસાર પાલન કરવા નીચે મુજબ આજ્ઞા ફરમાવેલ છે.

निर्णयोऽसौ सुविज्ञेयःचतुःपीठाधिकारिणाम् ॥
नात्र व्यत्ययमादेयःकदाचिदपि शीलिना ॥ ३८ ॥

ઉપર પ્રમાણે સખત આજ્ઞા છતાં તે નિયમ ભંગ કરાવવા ખુદ પીઠાધીશ્વરને હસ્તે જ સત્તાલોભી ખટપટે પ્રસંગ આણ્યો. એ જ હાનિનું કારણ છે. આવા ભોળા અને વયોવૃદ્ધ મહાનુભાવ પુરૂષને આવા અધર્મ કાર્યમાં પ્રવર્ત્તાવતાં એ સમ્માનિત અને શિષ્ટતાનો બુરખો ધારણ કરનારા પંડિતંમન્યોને ધર્મનો કાંઇ પણ ભય લાગ્યો ? કેમકે:—

धर्मो मूलं मनुष्याणां स चाचार्यावलंबनः ॥
तस्मादाचार्यसुमणेःशासनं सर्वतोऽधिकम् ॥ ४२ ॥

ભાવાર્થ—ધર્મ એ મનુષ્યનું મૂળ છે. અને તે ધર્મ આવા આચાર્યોને અવલંબીને રહ્યો છે. માટે પ્રજા તેમની દોરવી દોરાય છે. માટે ચિંતામણિ સ્વરૂપ આચાર્યની શિક્ષા સર્વથી અધિક માનવી ઇત્યાદિ.

આમ છતાં ત્રિવિક્રમ તીર્થને પ્રભાસની નવી ગાદીના નવા શંકરાચાર્ય બનાવવા સુબ્રહ્મણ્ય-દેવ તીર્થને રવાના કરી દીધા, અને પછી તે બાબતની કકોંતરીઓ અમદાવાદમાં પહોંચાઇ, તે પહેલાં શ્રી ગોવર્ધન પીઠાધીશ્વર શ્રી જગન્નાથપુરી પધારી ગયા ત્યાં શ્રી ભારતધર્મ મહામંડળના નેતાઓ સાથે પત્ર વ્યવહાર ચલાવી યા રૂબરૂ બોલાવી તે મંડળના હકીકતથી અજાણ્યા નેતાઓને પણ અવળે માર્ગે દોરવામાં આવ્યા.

શ્રી મહાનુશાસન મઠામ્નાયની પ્રતો શ્રી ગોવર્ધન પીઠાશ્વર તરફથી જ પ્રસિદ્ધ થઈ છે અને તે કલકત્તામાં છપાઇ છે. તેનું પણ મનન જો શ્રી ભારત ધર્મ મહામંડલના નેતાઓએ કર્યું હોત અને સાવધતાથી અત્રે સ્થાનિક તપાસ કરી હોત તો આવા અનર્થકારી કાર્યમાં ભાગ લેતાં તેઓ બચી જાત એવી મારી માન્યતા છે.

નિગમાગમ ચન્દ્રિકા જે શ્રી ભારત ધર્મ મહામંડલની મુખપત્રિકા છે, તેના સને ૧૯૧૭ ના ઓકટોબર માસના અંકમાં (ભાગ ૨૨ સંખ્યા ૧૦) પૃષ્ઠ ૨૩૭ તથા ૨૩૮ ઉપર શ્રી ગોવર્ધન પીઠાધીશ્વરની પૂર્વોક્ત નૂતનકૃતિ પ્રસિદ્ધ કરી છે. તે કેટલો અનર્થમૂલક અપ્રસ્તુત અને ધર્મવિપ્લાવક મિથ્યા પ્રયાસ છે તે ઉપરના લેખથી તેમ હવે પછીના લેખથી વાચક વૃંદના લક્ષમાં આવશે. એક મહાન્ પીઠના આચાર્યના હસ્તે અનધિકારે નિષ્કારણ ઇતર પીઠના ધર્મ પ્રદેશમાં અનર્થ પ્રવર્તાવો એ શું એક મહા પાપ ના કહેવાય ? શ્રી આદ્ય શંકર ભગવાનની મહાનુશાસન મઠામ્નાયની આજ્ઞાઓ અવશ્ય માનવી જ જોઇએ. જેઓ શ્રી શંકરામ્નાયની એ આજ્ઞાઓનું અપમાન કરશે તેને યોગ્ય બદલો ગમે તે પ્રકારે શ્રી ભગવાન શંકર આપશે જ.

अस्मत्पीठे समारूढःपरिव्राडुक्तलक्षणः ॥
अहमेवेति विज्ञेयो यस्य देव इति श्रुतेः ॥ ३१ ॥
सुधन्वनःसमौत्सुक्यनिवृत्यै धर्महेतवे ॥
देवराजोपचारांश्च यथावदनुपालयेत् ॥ ३२ ॥
केवलं धर्ममुद्दिश्य विभवो बाह्यचेतसाम् ॥
विहितश्चोपकाराय पद्मपत्रनयं व्रजेत् ॥ ३३ ॥

ઉપર પ્રમાણે આદ્ય શંકર ભગવાને આજ્ઞા કરી છે. **यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ॥ तस्यैते कथिताह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ અર્થ**—જેને પરમાત્મામાં ઉત્કૃષ્ટ ભક્તિ હોય અને જેવી પરમાત્મામાં ઉત્તમ ભક્તિ હોય તેવી ભક્તિ પોતાના સદ્ગુરૂ પ્રત્યે શ્રેષ્ઠ ભક્તિ હોય તે મહાત્માને આ ઉપદેશેલા પ્રસિદ્ધ અર્થો અનુભવમાં આવી શકે છે. આ ઉપનિષત્ વાકય પ્રમાણે શ્રી ભગવાન શંકરાચાર્યની આજ્ઞાઓને શિરસા માન્ય કરી શ્રી ચક્રવર્તી સુધન્વા મહારાજાએ દેવોપચાર અને રાજોપચાર ધારણ કરવા વિજ્ઞપ્તિ કરી. પરંતુ તે માન્ય કરી જેમ કમલનું પત્ર પાણીમાં રહ્યા છતાં સડતું ડુબતું નથી. તેમ શ્રી શંકરભગવાને પીઠના વૈભવો ધારવા અંગીકાર કરેલ છે.

ब्रह्मक्षत्रकुले भूत्वा भारतीपीठवंचकः ॥
परार्थाद्यपवते चान्ते पैशाची योनिमाप्नुयात् ॥ ३५ ॥
सुधन्वा हि महाराजस्तदन्ये च नरेश्वराः ॥
धर्मपारम्परीमेतां पालयन्तु निरंतरम् ॥ द४ ॥

શ્રી ભારત વર્ષના સાર્વ ભૌમ સુધન્વા મહારાજાની માફક આ ભારત વર્ષના તમામ ક્ષત્રિય નૃપતિઓએ આ વેદ સનાતન સ્વધર્મની પરંપરાનું નિરંતર પાલન કરવું જ. બ્રાહ્મણ ક્ષત્રિયોના કુલમાં ઉત્પન્ન થઇને સ્વાર્થને માટે આ ભારતી પીઠને ઠગે છે તે પરમાર્થથી ભ્રષ્ટ થઈ અંતે પિશાચ યોનિને પામે છે.

ઉપરના ૩૪ તથા ૩૫ મા શ્લોકની જે આજ્ઞાઓ છે તે વિરૂદ્ધાચરણ કરવામાં ખુદ આચાર્ય તથા બ્રાહ્મણો અને ક્ષત્રિયો વગેરે ભલે એને શું કહેવું ? એ ઉપરના વૃત્તાંતથી સમજાય એમ છે, એટલે વિશેષ લખવા ઉચિત ધારતો નથી. વળી. શ્રી શંકરાચાર્ય ભગવાન્ કહે છે કેઃ—

आचार्याक्षिप्तदंडास्तु कृत्वा पापानि मानवाः ॥
निर्मलाः स्वर्गमायान्ति संतः सुकृतिनो यथा ॥ ४३ ॥
तानाचार्योपदेशो दंडश्च पालयते........ ॥
तस्माद्राजाऽऽचार्याविनिन्द्याविनिन्द्यौ ॥ ४४ ॥
इत्येवं मनुरप्याह गौतमोपि विशेषतः॥
विशिष्टशिष्टाचारोपि मूलादेव प्रसिद्धयति ॥ ४५ ॥
तस्मात्सर्वप्रयत्नेन शासनं सर्वसंमतम् ॥
आचार्यस्य विशेषेण ह्यौदार्यभरभागिनः ४६ ॥
धर्मपद्धतिरेषा हि जगतः स्थिति हेतवे ॥
सर्ववर्णाश्रमाणां हि यथाशास्त्रं विधीयते ॥ ४७ ॥

ભગવાન્ શંકરાચાર્ય શ્રીએ મનુ અને ગૌતમ મહર્ષિઓના કથનાનુસાર આજ્ઞાઓ વર્ણાશ્રમધર્મને માન્ય કરનારાઓને માટે કરી છે, અને તે વિરૂદ્ધ વર્તન કરનારા શિક્ષાને પાત્ર છે. પોતે શ્રી પોતે બાંધેલી મર્યાદાના પોષણ માટે આજ્ઞા કરે છે કે:—

चातुर्वर्ण्यं यथायोगं वाङ्मनःकायकर्मभिः ॥
गुरोःपीठं समर्चेत विभागानुक्रमेण वै ॥ ४० ॥
धरामालंब्य राजानः प्रजाभ्यः करभागिनः ॥
कृताधिकारा आचार्या धर्मतस्तद्वदेव हि ॥ ४१ ॥

ચાતુર્વર્ણ્ય પ્રજાએ વેદ પુરાણાદિમાં વર્ણવ્યા પ્રમાણે વાણી મન અને કાયાએ કરીને દરેક પ્રદેશના વિભાગના અનુક્રમ પ્રમાણેજ શ્રી શંકરાચાર્ય સ્થાપિત પીઠનું પૂજન કરવું અને જેમ પૃથ્વીપતિ રાજાઓ પોતાની પ્રજા પાસેથી પોત પોતાની પૃથ્વીના વિભાગ પ્રમાણે કર લેવાના અધિકાર ભોગવે છે, તેમ પીઠાધીશ્વર આચાર્યો પણ પોતપોતાના પ્રદેશની ચાતુર્વર્ણ્ય પ્રજા પાસેથી બ્રહ્મદંડ અગ્ર દક્ષણાદિ ભેટપૂજા લેઇ શકે એવી આજ્ઞા છે.

[૧૩] હવે પૂર્વોક્તયતિત્રિવિક્રમ તીર્થના સંબંધમાં થોડી હકીકત લખીશું તો તે અસ્થાને કહેવાશે નહિ તે પૂર્વાશ્રમના ખરેડી સંપ્રદાયના ઉદિચ્ય બ્રાહ્મણ જામનગરના છે, અને કેટલોક સમય શ્રી દ્વારકામાં વૈદાનો ધંધો તેમના વડીલના વખતથી ત્યાં કરતા. પોતાનું નામ કલ્યાણજી જાદવજી હતું અને તેઓ જામનગરમાં ભારતધર્મ મહામંડલના પદવીધર વે. શા. સં. શાસ્ત્રી હાથીભાઇ હરિભાઇના વિદ્યાર્થી હતા. તેઓ વિવાહિત થયા બાદ કચ્છ માંડવી દ્વારકાની પાઠશાળા માં રહ્યા બાદ દિવાની કોર્ટની નોકરી સ્વીકારી અને પૂ. પૂ. શ્રીમન્માધવ-તીર્થની નોકરીમાં પણ રહ્યા. પરન્તુ અતિશય ચંચલવૃત્તિથી ટકી શક્યા નહિ. સમય વ્યતીત થતાં પ્રસંગવશાત્ કાષાયવસ્ત્ર ધારણ કરી ઉત્તરહિન્દમાં ચાલ્યા ગયા, અને પંજાબ, લાહોરાદિ સ્થળે આર્યસમાજ વગેરેમાં પણ રહી સને ૧૯૧૨–૧૩ માં એકદમ સિદ્ધપુરમાં શ્રી નીલકંઠેશ્વર મહાદેવમાં ઉતર્યા તે વખતે તે સંસ્થાનાધીશ્વર એક વિષ્ણુતીર્થ નામના સંન્યાસીને સંસ્થાન સુપરત કરી ઉપદેશાર્થે બહાર પધાર્યા હતા. સિદ્ધપુરમાં ત્રિવિક્રમતીર્થે સનાતન ધર્મનો ઉપદેશ કરવા માંડયો. લોકોના પ્રીતિપાત્ર થયા. તેમનાં પુસ્તકોની પેટીઓ જે

લાહોર આર્યસમાજમાં હતી તે મંગાવવા પ્રવૃત્તિ કરી. તે મંગાવવા તાર થયા અને આવી તેનું લવાજમ સિદ્ધપુરસ્થ ગૃહસ્થોએ ભર્યું ને પુસ્તકો મેળવ્યાં. બાદ વિધિત્ દંડી સંન્યાસી થવાની પ્રવૃત્તિ કરી—કે૰ શ્રીમન્માધવતીર્થ મહારાજને સિદ્ધપુરસ્થ મંડલી માર્ફત વિદિત થતાં દંડ આપવા ના પાડી. છતાં ત્રિવિક્રમ તીર્થે શ્રી વિષ્ણુ તીર્થને ભોળવી દંડ લીધો, સંન્યાસી બન્યા; દ્વારકા ગયા. ત્યાં મોહજાળ પાથરી, સંસ્થાનની ખરી ખોટી વાતો જગદ્ગુરૂને કરી ડાકોર આવ્યા. એ રીતે વિષ્ણુતીર્થ, ત્રિવિક્રમ તીર્થ અને એક અખંડાનંદ સરસ્વતી ત્રણે કે. શ્રીમન્માધવતીર્થ મહારાજની સ્વારીના કામદારો બન્યા. વિરમગામ સ્વારી જતાં કંઇક બહાર આવતાં એ ત્રણે ત્યાંથી એકદમ ચાલી ગયા, અને દંડને પણ તિલાંજલિ આપી સાત પુડા પર્વતમાં ગયા. પરંતુ ત્રિવિક્રમ તીર્થ ચંચલ વૃત્તિના હોવાથી ત્યાં રહી શકયા નહિ અને પુનઃસદહું સુબ્રહ્મણ્યદેવ તીર્થ પાસેથી દંડ મેળવ્યો અને જુનાગઢમાં પ્રયાસ કરી પ્રભાસના સંન્યાસીના મઠનો કબજો મેળવ્યો.

શ્રી પ્રભાસપાટણના સંન્યાસીના મઠનો કબજો મળ્યો, એટલે દ્વારકાના શ્રી લક્ષ્મીભંડાર અને શ્રી શારદામઠના સર્વાધિકારીથી મળી જઇ શંકરાચાર્યનું બિરૂદ–ચિન્હો ધારણ કરવા પ્રવૃત્તિ થઇ. એ ખબર કે. શ્રીમન્માધવતીર્થ મહારાજને હળવદ મુકામે કાઠિયાવાડમાં થતાં તે પ્રવૃત્તિને અટકાવવા પ્રયત્નો થયા. એટલામાં શ્રી નીલકંઠેશ્વર સંસ્થાન સિદ્ધપુરના સ્વામી શ્રી પરમાનન્દ તીર્થ સમાધિસ્થ થયા. તે સ્થાનના શિષ્ય વડોદરા રાગદ્વારાવાળા શ્રી મધુસૂદનાનંદતીર્થને બોલાવી કે. શ્રીમન્માધવ તીર્થ સિદ્ધપુરમાં હતા, તેઓએ સમજુત આપી શિષ્ય પરંપરા ચાલુ રાખવા નિશ્ચય થયો. એથી પોતાની શિષ્ય પરંપરાના એક નારાયણ તીર્થ સ્વામિને બોલાવી સંસ્થાન ચલાવવા પ્રયત્ન જારી રાખ્યો. તેમના માટે વડોદરાના ખાતાધિકારીએ જે ભારત ધર્મ મહામંડળનો અભિપ્રાય લાવે તેને સિદ્ધપુરસ્થ શ્રી નીલકંઠેશ્વર સંસ્થાનાધીશ્વર કાયમ કરવાનું ઠરાવ્યાનું સદર ત્રિવિક્રમ તીર્થના જાણવામાં આવતાં સદર સ્વામી શ્રી નારાયણ તીર્થને માટે શ્રી ભારત ધર્મ મહામંડલનો અભિપ્રાય લાવી આપવા ત્રિવિક્રમ તીર્થે માથે લેઇ તેને માટે નાણાં લેઇ કાશી પહોંચ્યા. ત્યાં એ નાણાંનો ઉપયોગ શ્રી નારાયણ તીર્થને બદલે પોતાને માટે અભિપ્રાય મેળવવામાં કર્યો એ વિશ્વાસ ઘાતનું કૃત્ય તા. ૨૦–૭–૧૭ ના સાંજવર્તમાનમાં પ્રસિદ્ધ થયેલા પ્રોસીડીંગ્ઝથી કોલમ (૧૦) થી સમજાય છે અને શ્રી ગોવર્ધનપીઠાધીશ્વર શંકરાચાર્ય તથા પ્રભાસપાટણના ત્રિવિક્રમ તીર્થ બન્નેએ અંત્યજોદ્ધારની પ્રયાગરાજના કુંભ મેળા વખતે થયેલી સભાઓમાં હાજરી આપ્યાનું તા. ૫–૩–૧૮ ના "**હિન્દુસ્થાન**" વગેરે વર્તમાન પત્રોથી પ્રતીત થાય છે.

(૧૪) કે૰ શ્રીમન્માધવતીર્થ મહારાજની સ્વારી રેવાકાંઠા એજન્સિમાં પધારી, એ જાણી ત્રિવિક્રમ તીર્થે અમદાવાદમાં પ્રસિદ્ધ થતા "ગુજરાતીપંચ"ના તા. ૬–૨–૧૬ ના અંકમાં આચાર્ય તરીકેનું અધિકાર પત્ર પ્રસિદ્ધ કરાવ્યું. તે જગદ્ગુરૂ શ્રીની જાણમાં આવતાં "કાઠિઆવાડ ટાઇમ્સ"ના સને ૧૯૧૬ ના ફેબ્રુઆરી તથા માર્ચ માસના અંકોમાં કેટલોક સમય સુધી એક જાહેર ખબર પ્રસિદ્ધ કરાવી હતી તે નીચે પ્રમાણે:—

શ્રી શા. પી. ની. અંક ૩૮૪ **જાહેર ખબર.**

શ્રીમજ્જગદ્ગુરૂ શંકરાચાર્ય શ્રી શારદા પીઠ દ્વારકા સંસ્થાનાધીશ્વર શ્રીમન્માધવ તીર્થ સ્વામિ મહારાજની આજ્ઞાથી લખવાનું કે:—

"ગુજરાતી પંચ અંક ૬ તા. ૬ ફેબ્રુઆરી સને ૧૯૧૬ ના પૃષ્ટ ૮ માં સમાચાર સંગ્રહના સદરમાં ગુરૂઆચાર્ય તરીકેનું અધિકાર પત્ર શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય પ્રભાસપાટણ શારદામઠાધીશ્વર સ્વામીજી શ્રી ત્રિવિક્રમ તીર્થ સ્વામીને ખરેડી સમ્પ્રદાયની સમસ્ત

જ્ઞાતિનું ગુરૂ આચાર્ય તરીકેનું અધિકાર પત્ર અર્પણ કરવા સારૂ ખરેડી ઔદીચ્ય બ્રાહ્મણોની સભા ભરી હતી. વિગેરે બાબતનો એક પેરો છે એ લેખમાં પ્રભાસપાટણ " શારદા મઠાધીશ્વર " ઉલ્લેખ છે તે ધૂર્તતા ભરેલો છે કારણ કે પ્રભાસપાટણમાં પશ્ચિમામ્નાયના દ્વારકાપુરી સ્થાપિત શારદામઠના સંબંધ ધરાવનારો કોઈ મઠ અથવા સ્થાન નથી. કોઈ સાધારણ સંન્યાસીઓને રહેવાનો મઠ હશે; તો તેની સાથે દ્વારકાના શારદામઠનો કશો સંબંધ નથી. તો શારદામઠાધીશ્વર એ ધૂર્તતા ભર્યા લેખથી કોઇએ આ કહેવાતા ડુપ્લીકેટ (ડબલ)—સંન્યાસી (અવિચ્છિન્ન દંડી નહિ તેવા) ત્રિવિક્રમ તીર્થને શ્રી દ્વારકાના શારદામઠની સાથે કંઇ સંબંધ છે—એમ સમજવું નહિ. એ પોતે ખરેડી જાતના બ્રાહ્મણ છે. તેથી તે જ્ઞાતિએ તેમને માન આપ્યું તેમાં અમારો કાંઇ વાંધો નથી પરંતુ શારદામઠાધીશ્વર એ શબ્દ પ્રજાને છેતરાવનાર છે. માટે આ ખુલાસો કરવાની જરૂર પડી છે. તા. ૧૧ ફેબ્રુઆરી સને ૧૯૧૯ સ્વારી મુકામ વાડાસીનોર રેવાકાંઠા એજન્સિ.'

ઉપર મુજબ કૈ. શ્રીમન્માધવતીર્થ મહારાજે હયાતિમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરી છે. છતાં શ્રી ગોવર્ધનમઠાધીશ્વર તથા તેમના સન્માનિત અનુસંગીઓએ એક તર્કટ કરી ત્રિવિક્રમ તીર્થ જેવા ડુપ્લિકેટ સંન્યાસીને શંકરાચાર્ય બનાવી સાધારણ પ્રભાસના મઠને પશ્ચિમામ્નાયનો શારદામઠ બનાવી આ પ્રપંચ જાળમાં શ્રી ભારતધર્મ મંડળના દૂરસ્થ નેતાઓને ફસાવી ધર્માધર્મનો વિચાર નહિ કરતાં કેવળ ત્યાં મોહને વશ થઇ શ્રી ભગવાન્ ભાષ્યકાર શ્રીની આજ્ઞાનો વિધ્વંસ કરીને જે ઉચ્છૃંખળ પગલું ભર્યું છે તે નિંદાને પાત્ર છે કે નહિ તેનો સૌજન્યશીલ શિષ્ટ પુરૂષોએ વિચાર કરવો યુક્ત છે.

કૈ૦ શ્રીમન્માધવતીર્થ મહારાજની આરાધના વખતે દ્વારકામાં ઘણા સંન્યાસીઓ પધાર્યા હતા. તે પ્રસંગે આ ત્રિવિક્રમતીર્થે પ્રપંચ તેમજ વિશ્વાસઘાત કર્યાની ખબર થતાં તે યતિવર્યોએ એકત્રિત થઇ ત્રિવિક્રમ તીર્થનો પંક્તિ વ્યવહાર કોઇ સંન્યાસીએ કરવો નહિ એવો ઠરાવ કર્યો હતો. તથા તેમના ગુરુ વડોદરા રામદ્વારાવાળા શ્રી મધુસૂદનાનંદતીર્થ તે સભામાં હાજર હતા, તેમણે તેનું (ત્રિવિક્રમતીર્થનું) વંદન લેવું નહિ એમ ઠર્યું હતું. આ યતીશ્વરો કાશી, નાંદોદ, ચાણોદ, સિદ્ધપુર, નાશક, વ્યાસક્ષેત્ર, કરનાલી, કનખલ, હરદ્વાર, ઋષીકેશ વગેરેના મહાન્ હતા.

(૧૫) ઉપર પ્રમાણે શ્રી શાન્ત્યાનંદ સરસ્વતી તથા શ્રી ત્રિવિક્રમ તીર્થના સંબંધમાં વૃત્તાંત છે. શાસ્ત્રમાં સંન્યાસીએ હરહમેશાં અવિચ્છિન્નદંડી રહેવાની આજ્ઞા છે, છતાં દંડને એક લાકડી સમજી સ્વચ્છંદી રીતે મન ગમે ત્યારે લે ને ઇચ્છા થાય ત્યારે ફેંકી દે—એ સન્યાસી . કહેવાય નહિ, અને તેવો પુરૂષ શાસ્ત્ર પ્રમાણે તેમજ ભગવાન્ શ્રી શંકરાચાર્યના અનુશાસન પ્રમાણે કદાપિ શંકરાચાર્ય થઇ શકેજ નહિ. ધર્મશાસ્ત્રમાં લખ્યું છે કે:—

क्लृप्तकेशनखश्मश्रुः पात्री दण्डी कुसुंभवान ॥
विचरेन्नियतो नित्यं सर्वभूतान्यपीडयन ॥ मनु ॥
दंडत्यागन्न कुर्वीत यावत्प्राणावधारणम ॥
वेदेन विहिनो मार्गस्तत्त्यागी पतितो भवेत् ॥ विश्वेश्वरी ॥

આવા સંન્યાસીઓને પ્રસિદ્ધ પંડિત બચ્ચાઝા ઉર્ફે ધર્મદત્ત મૈથિલસ્થ પ્રણીત " શ્રી મજ્જગદ્દુર્વાસ્થાન તત્વતરંગિણી" માં વાન્તાશી, આરૂઢપતિત આદિ વિશેષણોથી વધાવી લીધા છે.

૧૬. હવે શ્રી શાંત્યાનંદ સરસ્વતીના સંબંધમાં વિવેચન કરવું આવશ્યક ધારી જણાવવું

જોઇએ કે એ પરમહંસ દશામાં સને ૧૯૦૪-૫માં પહેલવહેલા વડોદરા-ભૂતડીને ઝાંપે રામદ્વારામાં રાત્રે આવ્યા. તેમને પૂછતાં પૂર્વાશ્રમી નંબુરી બ્રાહ્મણ અને સંન્યાસી હોવાનુ જણાવ્યું, પરંતુ તે વખતે દંડ વિનાના હતા. બીજે ત્રીજે દિવસે વાર્તાલાપ થતાં પોતે મક્કા-મદીના-આફ્રિકા આદિ દેશોમાં જઇ આવ્યાનું ભરસભામાં જાહેર કર્યું, અને દંડીસ્વામી શ્રી રામદ્વારાવાળા શ્રીમધુસૂદનાનંદતીર્થ સાથે આ શાંત્યાનંદ સરસ્વતીના અદંડી દશામાં એક બે વાર ફોટા પણ આ રામદ્વારામાં લેવાયા. તેઓ વિદ્વાન્ છે એને માટે વાંધો નથી. પરંતુ નાસ્તિકતાનો અંશ દયાનંદીના જેવો લાગતો હતો. રામદ્વારામાં અદંડી દશામાં હતા તેવામાં શ્રેયઃ-સાધક અધિકારી વર્ગના શ્રી નૃસિંહાચાર્યજીના અનુયાયીઓ સાથે વિવાદ કરવા આ શાંત્યાનંદ સરસ્વતી તત્પર થયા હતા. આ શાંત્યાનંદ પૂર્વે આર્યસમાજમાં હતા, એવો ઉલ્લેખ 'ગુજરાતી'માંથી થાય છે અને બંગાલ તથા પંજાબ વગેરેનાં પત્રોમાં શ્રી શાંત્યાનંદજીને વિધવાવિવાહિતપણાથી આક્ષિપ્ત કર્યા જણાય છે; અને સંદેશ નામના મરાઠી પત્રકારે પણ તેવુંજ લખ્યું છે. સદર શાંત્યાનંદજીને હડકાયું કુતરૂં કરડવાથી ઉત્તર હિંદમાં કસોલી જઇ આવ્યાનું તેમણે પ્રતિજ્ઞા ઉપર કબુલ કરેલ છે. તેમજ પરદેશ ગમન કરી આવનાર અને આગાખાની ધર્મ સ્વીકારનારને પ્રાયશ્ચિતની વ્યવસ્થા કરી આપનારમાં આલેખાયા છે, અને "વિવાહ મીમાંસા" નામનો સંસ્કૃત ગ્રંથ લખી સુધારાની ટોચે પહોંચેલા ગણાયા છે.

૪. શ્રી શાન્ત્યાનંદ સરસ્વતી જો કે અવિચ્છિન્ન દંડી સંન્યાસી હોય તોપણ મહાનુશાસન મઠામ્નાયના ઉપર જણાવેલા શ્લોક ૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨ પ્રમાણે શ્રી શારદાપીઠની ગાદીએ આવી શકે નહિ. કેમકે શ્રી શારદાપીઠની ગાદીનો સંપ્રદાય કીટવાર છે અને સરસ્વતી સંન્યાસી ભૂરિવાર સમ્પ્રદાયનો ગણાય માટે કીટવારના સ્થાને ભૂરિવાર આવે તો સમ્પ્રદાયનું સાંકર્ય થઇ જાય. કીટવાર સંપ્રદાયનું લક્ષણ નીચે પ્રમાણે છે.

कीटं पातकमित्युक्तं वार्यते येन जीविनाम् ॥
सम्प्रदायो यतिनान्तु "कीटवारः" स उच्यते ॥

શ્રી શારદામઠના સંપ્રદાય કીટવારનું લક્ષણ ઉપર બતાવ્યું, ને શૃંગેરી મઠના ભૂરિવાર સંપ્રદાયનું લક્ષણ નીચે પ્રમાણે છે.

भूरिशब्देन सौवर्णं वार्यते येन जीविनाम् ॥
सम्प्रदायो यतीनाञ्च "भूरिवारः" स उच्यते ॥

તેવીજ રીતે દશ નામ સંન્યાસીનાં લક્ષણ પણ જૂદાં જૂદાં છે; પરંતુ દશ સંન્યાસીઓ પૈકી સાત ગોસાંઇ, ઘરબારી ગોસાંઇ, થઇ જવાથી સમ્પ્રદાયની વ્યવસ્થામાં વિશેષ સાવધતાની જરૂર પડી. જ્યાં સુધી "તીર્થ, આશ્રમ" શ્રી શારદાપીઠના સંન્યાસીઓ આ ભારતવર્ષમાં અસ્તિત્વમાં હોય ત્યાં સુધી પહેલો હક્ક શ્રી શારદાપીઠાધીશ્વરની જગાએ "આશ્રમ" અને તે પછી "તીર્થ"નો છે. એ બંનેને અભાવેજ સરસ્વતી આવી શકે. આ બધી વ્યવસ્થા જેમ કૈલાસવાસી થનાર આચાર્યને સંન્યાસી કે બ્રહ્મચારી શિષ્ય ના હોય તોજ પસંદગીને અવલંબી કરવામાં આવે છે; અને ઘોડના હિન્દુ લૉમાં તેનું સ્વરૂપ વર્ણવેલું છે. તે આધારેજ શ્રીમન્માધવતીર્થ સ્વામી શ્રી શારદામઠે આવ્યા હતા.

દશ નામ સંન્યાસીઓ પૈકી "આશ્રમ, તીર્થ" અને "સરસ્વતી" નાં લક્ષણ નીચે પ્રમાણે છે.

आश्रमग्रहणे प्रौढः आशापाशविवर्जितः ॥
यातायातविनिर्मुक्त एष "आश्रम" उच्यते ॥

त्रिवेणीसंगमे तीर्थे तत्त्वमस्यादिलक्षणे ॥
स्नायात्तत्त्वार्थभावेन "तीर्थ" नामा स उच्यते ॥
स्वरज्ञानरतो नित्यं स्वरवादी कवीश्वरः ॥
संसारसागरासारहन्ताऽसौ हि "सरस्वती" ॥

શ્રી ભગવાન્ ભાષ્યકારે મઠની વ્યવસ્થા કરવામાં પણ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ વિચાર કર્યો જણાય છે, તે ઉપરનાં લક્ષણોથી સમજાય એમ છે. તેનો વિચાર કર્યા વિના જમાનો જેવો સાંકર્યનો આવ્યો છે તેવુંજ સમ્પ્રદાય અને ધર્મનું પણ સાંકર્ય કરવામાં "રાજા કાલસ્યકારણું" એ ન્યાયે થયું છે.

ધર્મશાસ્ત્રમાં એકનો વારસો કે વસુલાત વારસ હયાત છતાં બીજા સંપ્રદાયનો સંન્યાસી કદાચ લેઇ જાય તો તે "વાન્તાશી" કહેવાયઃ અને "વાન્તાશી" એ સંન્યાસીજ કહેવાય નહિ. તેની ગણના "આરૂઢપતિત"માં થાય છે. સંન્યાસીના વારસાનો નિયમ મહર્ષિ યાજ્ઞવલ્ક્ય યોગીએ નીચે પ્રમાણે કથ્યો છેઃ—

वानप्रस्थयतिब्रह्मचारिणां रिक्थभागिनः ॥
क्रमेणाचार्यसच्छिष्यधर्मभ्रात्रैकतीर्थिनः ॥

આ વાક્યને અવલંબી શ્રી આદ્ય શંકરાચાર્ય પ્રભુએ મઠોની વ્યવસ્થા કરી છે કે—

तीर्थाश्रमौ सुरेशस्य शिष्यौ द्वौ लोकविश्रुतौ ॥
पद्मपादस्य शिष्यौ द्वौ वनारण्यपदाभिधौ ॥

ઉપર પ્રમાણે 'સંપ્રદાય પ્રદીપ'માં વારસાના નિયમ દાયભાગને અવલંબી ઘડેલા છે.

રઘુવંશમાં પણ મહાકવિ કાળીદાસે સિંહાસનના વારસા સંબંધી પ્રદર્શિત કર્યું છે કે—રઘુરાજાએ સર્વ વસ્તુનું દાન કર્યું પરંતુ સિંહાસનના અંગભૂત છત્ર અને બે ચામર અદેય હતાં અર્થાત્ તે રાજ ચિન્હોપર દાયભાગીનો હક હોવાથી બીજાને દેઇ શકાય નહીં. એટલે વારસદારનો હક કોઇથી નષ્ટ થાય નહીં; અને કદાચ એકનો વારસો બીજો લે યા તો બીજાને અપાવવામાં મદદ કરે તે બન્ને ધર્મશાસ્ત્ર પ્રમાણે પાપના ભાગી થાય છે.

રાજા અને આચાર્ય એ બન્ને એક દીક્ષાથી દીક્ષિત છે. દમને (દંડ) કરીને પ્રજાનું પાલન કરવું. દીક્ષિત રાજા અને આચાર્ય બેઉને સમાન ગણ્યા છે. રાજા નીતિ ભંગ કરનારને દમન [દંડ] કરે છે અને આચાર્ય ધર્મ ભંગ કરનારને શાસન કરે છે. તે ઉપર મહાનુશાસન મહામ્નાયથી નિરૂપણ કરેલ છે. આચાર્ય અને રાજા એ બેઉ ધર્મ અને નીતિ વડેજ જગતને ધારણ કરી રહ્યા છે. ધર્મ સિંહાસન આચાર્યનું છે અને નીતિ સિંહાસન ચક્રવર્તી રાજાનું [illegible] તે બેઉ અન્યોન્ય પાલક છે. સમાન સિંહાસનવાળા છે. તો પણ તેઓનું ગુરૂ શિષ્યત્વ અવ્યાહત છે. જેથી રાજા તે ભંગ કરે તો ગુરૂદ્રોહી કહેવાય. વિશેષ ખુલાસા માટે "સુદર્શન" ગ્રંથ જોઈ લેવો.

ઙ શ્રી શારદાપીઠની વંશમાતૃકા મી. દેવાશ્રયીના શંકર વિજયમાં છે જે વડોદરા લૉ રીપોર્ટ વાલ્યુમ ૯ પૃષ્ટ ૭૧ વાળા કેસમાંથી મેળવેલી ખરી નકલ છે. તેમાં માત્ર અગતિકગતિ ન્યાયે એકજ સરસ્વતી પ્રથમ દર્શને* શારદાપીઠ પર આવ્યાનું જણાય છે. બાકી બે આચાર્યોની પછાડી આશ્રમ સરસ્વતી આવા ડબલ યોગપટ્ટ લાગેલા છે. તેનું કારણ કે શારદામઠને ઘણા લોકો સરસ્વતી મઠ કહે છે. તેથી આશ્રમ યોગપટ્ટની પછાડી સરસ્વતી લગાડવાનો મોહ

સાધારણ વહીવટ છે, અને તેવા ડબલ યોગપટ્ટવાળા સંસ્થાનમાં ઘણા જૂના પત્રો મોજુદ છે. અર્થાત્ શ્રી શારદાપીઠની શિષ્યપરંપરા અવિચ્છિન્નરીત્યે ચાલુ છે એ વંશમાતૃકાથી સિદ્ધ થાય છે. તેવી અવિચ્છિન્ન શિષ્યપરંપરા શ્રી શૃંગેરી મઠની નથીજ. શ્રી શૃંગેરી મઠની પરંપરામાં અન્યપીઠ અને અન્ય સંપ્રદાયના ઘણા યોગપટ્ટવાળા સંન્યાસીઓ આવેલા છે. તેનું કારણ અગતિકગતિ ન્યાય સિવાય બીજું કાંઇ જ નહીં. જો વારસદાર અસ્તિત્વમાં હોત તો આવો બનાવ બનતજ નહિ " શ્રીમંજ્જગદ્ગુર્વાસ્થાન તત્ત્વતરંગિણી " પૃષ્ઠ ૪૯ માં પંડિતાગ્રગણ્ય બચ્ચાઝા ઉર્ફે ધર્મદત્તે લખ્યું છે કેઃ–શૃંગેરીપીઠસ્થ પરંપરાયાં જ્ઞાનગિરિ સિંહગિરિ વિદ્યારણ્ય મહેશ્વર તીર્થ નૃસિંહાશ્રમેત્યાદિનામભિઃ પ્રસિદ્ધાનામાચાર્યાણાં સ્થિતત્વાચ્ચ " અને તે મી. દેરાશ્રીના શંકર વિજયમાં શૃંગેરી પીઠની વંશમાતૃકા પ્રસિદ્ધ થઇ છે, તેથી ખાત્રી થાય છે. પરંતુ શ્રી શારદાપીઠની પરંપરા તો અવિચ્છિન્ન ચાલી આવે છે. એટલે શ્રી શારદાપીઠના મૂળ પુરૂષ શ્રી સુરેશ્વરાચાર્યના તીર્થ અને આશ્રમ એ શિષ્યો એટલે અવિચ્છિન્ન દંડી સંન્યાસીઓ આ ભારત વર્ષમાં વિચરે છે. ત્યાં સુધી શારદાપીઠની પરંપરા અવિચ્છિન્ન રીત્યે ચાલુજ છે. એમ શ્રી ભગવાન્ ભાષ્યકાર શંકરાચાર્યની આજ્ઞા છે, અને ત્યાર બાદ સમ્પ્રદાયનો વહીવટ ચલાવવા માટે મહાનુભાવ પુરૂષોએ તેની પુષ્ટિને માટે ગ્રંથો લખેલા વિદ્યમાન છે તે સાક્ષી પૂરે છે. માટે શારદાપીઠ ઉપર સરસ્વતી કદાપિકાળે આવેજ નહિ.

૬ શ્રી શાન્ત્યાનંદ સરસ્વતીએ વિવાહમીમાંસા નામનો ગ્રંથ સને ૧૯૧૦ માં છપાવી પ્રસિદ્ધ કર્યો છે. તેનું ખંડન મૈથિલસ્થ પંડિત શ્રી શ્યામસુંદરઝાએ કરેલ છે. અને તેના વિરૂદ્ધ પણ શ્રી શાન્ત્યાનંદ સરસ્વતી તરફથી વિવાહમીમાંસાનું સમર્થન થયેલ પુસ્તકરૂપે વિદ્યમાન છે. માટે એ વિવાહમીમાંસાનું થોડું અવલોકન કરાવવું આવશ્યક છે. વિવાહમીમાંસાના કર્તા રજસ્વલા પછી વિવાહાધિકાર " શતવર્ષાયા અપિ અધિકાર " ઇત્યુક્તમ્ ઇત્યાદિ વાક્યે સો ૧૦૦ વરસ સુધી સ્ત્રીને કન્યાવિવાહ કરવાનો અધિકાર આપે છે; અને સોળ વર્ષ પછી વિવાહ કરવો એવો પોતાનો મત છે. વગેરે વિવાહમીમાંસામાં સનાતન વૈદિક વર્ણાશ્રમ ધર્મ વિરૂદ્ધ લખ્યું છે. વળી સદર ગ્રંથમાં સ્વામીજી ફાવ્યા નથી ત્યાં " જમાલભાઇના જૂદા ચોતરા " અર્થાત્ સર્વ વિપરીત દૃષ્ટેર્મુરારેસ્તૃતીયઃ પન્થાઃની માફક કર્યું છે. અને આર્ય સમાજીઓને પુષ્ટિ આપનારા કેટલાક સિદ્ધાન્તો કપોલકલ્પિત પોતાના પુસ્તકમાં દાખલ કરેલા છે, તે સદર વિવાહમીમાંસા તથા તેનું ખંડન અને તે ખંડન ઉપર પરામર્ષ લખાયો છે, તે જોવાથી ખાત્રી થશે. બધો તાલ જારી ઉપર વિજારી જેવો છે.

વિશેષ વિચિત્રતા તો એ ગ્રંથની એ છે કે સ્વામિજી પોતે નૈષ્ઠિક બ્ર[illegible]રીમાંથી સંન્યાસી થયાનું કહે છે છતાં સ્ત્રીનાં ગુહ્ય અંગો સંબંધી ચર્ચા એ પુસ્તકમાં [illegible]! એટલુંજ નહિ પણ માધવાચાર્ય જેમણે વેદના ભાષ્ય કર્યાં છે તથા કાલમાધવ પરાશર માધવ, શંકરવિજય વગેરે ઘણા ગ્રંથો પોતે ગૃહસ્થાશ્રમમાં લખ્યા છે; બાદ સંન્યસ્ત દીક્ષા લઇ વિદ્યારણ્ય નામ ધારણ કર્યા બાદ પંચદશી આદિ ઘણા આત્મજ્ઞાનના ગ્રંથો લખ્યા બાદ શ્રીશૃંગેરીની ગાદી લગભગ છ વરસ સુધી ખાલી પડી હતી. તે સ્વિકારવા રાજા–

*ડબલ યોગપટ્ટમાં 'સરસ્વતી' શબ્દ માટે જે ખુલાસો આપેલો છે તેજ અત્રે પણ કેમ લાગુ ન પડે ? વખતે 'આશ્રમ' કે 'તીર્થ' પદ લેખકના પ્રમાદથી પણ રહી ગયું હોય. એ વધારે સંભવિત છે. કેમકે 'આશ્રમ' અને 'તીર્થ' સર્વત્ર લભ્ય છે; અને પરમ્પરામાં એક ધારી રીત્યે તેઓજ પીઠપર આવેલા જણાય છે. તંત્રી—મહાજ્યોતિઃ

પ્રજાએ વિજ્ઞપ્તિ કરી એથી તેઓ શંકરાચાર્ય થયા; અને પૂર્વાશ્રમમાં દીવાનગીરી કરી ગૃહસ્થાશ્રમ ભોગવી વિવાહ વિષયમાં પૂર્ણ માહીતી મેળવી હતી–તેમને પોતાના વિવાહમીમાંસામાં શાન્ત્યાનંદજી લખે છે કે "અતએવ અપ્રકૃતસ્યોદાહરણસ્ય બલેન દ્વાદશ વર્ષાયિ કન્યકા વિવાહાધિકારં વ્યાખ્યાતા માધવોઽપ્યત્ર પ્રમાદમાપન્ન ઇતિ" અર્થાત્ બાર વર્ષની કન્યાને વિવાહ યોગ્ય કહેનાર શ્રી માધવ પણ પ્રમાદમાં પડી ગયો છે. વગેરે કહ્યું છે એ કેટલું ધૃષ્ટપણું છે તે વાચકે વિચારવાનું છે.

હવે શાંત્યાનંદજી પૂર્વાશ્રમના નંબુરી બ્રાહ્મણ હતા તે આ વિવાહમીમાંસાના પુસ્તકથી જણાય છે. તેમણે એક શાંકરસ્મૃતિનું પ્રમાણ આપ્યું છે તે સ્મૃતિ કોઇ દેશમાં જણાઇ નથી. શ્રી શંકરાચાર્ય સ્મૃતિકાર તરીકે નહિ પણ ભાષ્યકાર તરીકે વિખ્યાત છે અષ્ટાદશ સ્મૃતિઓ મનુ, અત્રિ, વિષ્ણુ, હારીત, યાજ્ઞવલ્કય, ઉશના, અંગિરા, યમ, આપસ્તંબ, સમ્વર્ત, કાત્યાયન બૃહસ્પતિ, પરાશર વ્યાસ, શંખ લિખિત [?] દક્ષ, ગૌતમ, શાતાતપ, વશિષ્ટ—એ ધર્મ પ્રયોજક છે. આમાં ભગવાન્ શંકરનું નામ જોવામાં આવતું નથી. શાન્ત્યાનંદજી કેરલદેશના નંબુરી બ્રાહ્મણ હોવાથી તે દેશમાં વિવાહ રજસ્વલા થયા પછી કન્યાના કરવામાં આવે છે–તે પ્રત્યે તેમના પક્ષપાત પરથી જણાઇ આવે છે.

શ્રી આદ્ય શંકરાચાર્ય પણ કેરલસ્થ નંબુરી બ્રાહ્મણ પૂર્વાશ્રમના હતા. એ શંકરવિજય નામના ગ્રંથથી સિદ્ધ થાય છે, તેમના જન્મ સંબંધી શ્રી માધવાચાર્ય કૃત શંકરવિજયના બીજા સર્ગમાં કથા છે.

શ્રી શંકરાચાર્યે પોતાની માતુશ્રીની અનુજ્ઞાથી સંન્યસ્ત લીધું. તેમના પીત્રાઇઓએ તેમનાં માતુશ્રીને અગ્નિદાહ કરવાને પણ ના પાડી. અવસાન વખતે શ્રી શંકરાચાર્ય પોતે આપેલા વચન પ્રમાણે તેઓનું સ્મરણ કરતાં આવ્યા. માતુશ્રીની ઇચ્છા પોતાના પુત્રને હસ્તે અગ્નિદાહ પામવાની હતી તે પરિપૂર્ણ કરવા માતુશ્રીના મૃત શરીરને ચિતામાં સુવાડી પોતાના પિતાના પીત્રાઇઓ પાસે અગ્નિ માગ્યો પણ તે તેઓએ આપ્યો નહિ. એથી શ્રી શંકરાચાર્ય મહારાજે શાપ આપ્યો તે સંબંધી કથા સર્ગ ૧૪ માં શ્લોક ૪૮–૪૯–૫૦–૫૧ આ ચાર શ્લોકમાં છે. એ શાપ તમામ નંબુરી બ્રાહ્મણોને લાગુ નથી. પરંતુ માત્ર કાલડી ગામનાજ પોતાના નંબુરી પિત્રાઇઓને લાગુ હોવાનું ૧૪ મા સર્ગના ૧૭૪ મા શ્લોકથી સિદ્ધ થાય છે. પરંતુ તમામ નંબુરીઓ તે શાપ પ્રમાણે અદ્યાપિ વર્તન કરે છે.

મહાભારતમાં કર્ણ પર્વમાં બીજા દેશોની સાથે કેરલ દેશને દુર્ધર્મ દેશ ગણ્યો છે. એ કેરલ દેશના નંબુરી સોળ વર્ષની કન્યા થયા બાદ રજસ્વલા થયે પરણાવે છે. ઘરના ખુણામાં સ્મશાન/ મૃતનું શરીર છરીથી કાપી તેને બાળવું–પાંચ ૭ ભાઇઓમાંથી સૌથી મોટો જ પરણે અને બાકીના ન્હાના શૂદ્ર સ્ત્રિઓ સાથે ખુલ્લી રીતે વ્યવહાર રાખે–કન્યાને મરણ પર્યન્ત અવિવાહિત ઘરમાં રાખવી–અને સ્પષ્ટ રીતે નિયોગ કરવો–આ આચારો નંબુરી બ્રાહ્મણોએ કયા વેદ કે સ્મૃતિમાંથી ગ્રહણ કર્યા છે તે અમે બરાબર સમજી શકતા નથી ! ! !

ઉપર પ્રમાણે નંબુરી બ્રાહ્મણોના આચાર વિચાર શ્રુતિ સ્મૃતિથી વિરૂદ્ધ જ છે. તેથી કદાચ નંબુરી સંન્યાસી થાય છે છતાં નંબુરીની ભિક્ષા કરતા નથી. આ બધું લખવું પડયું છે તેનું કારણ એ જ કે–શ્રી આદ્ય શંકરાચાર્યે ત્યાં જન્મ લીધો હતો તેનો અભિમાન દર્શાવતાં શાન્ત્યાનંદ સ્વામીજીએ પોતાના પુસ્તકમાં લખ્યું છે કે "પૂર્વે કાળમાં પણ આ કેરલ દેશ શ્રુતિ સ્મૃતિથી પ્રતિપાદિત ધર્મના અનુષ્ઠાનને માટે અધિકારથી યુક્ત હતો" માટે જ શ્રી શંકરે ત્યાં અવતાર ધર્યો હતો. જો ભગવાન્ શંકરાચાર્યના જન્મથી કેરલ દેશને પાછળથી

પણ પવિત્ર ગણીએ તો પછી શ્રી નારાયણ મૂર્તિ નૃસિંહ ભગવાને પ્રસિદ્ધ દુધર્મ દેશ મુલતાનમાં જન્મ ધર્યો હતો તો તેને પણ સ્વામીજીના કહ્યા પ્રમાણે કેરલ દેશની પેઠે દુધર્મ દેશ હોવા છતાં પણ પવિત્ર કહેવો પડશે.

મહાભારત પૂર્વેના વાલ્મિકિ રામાયણના સમયમાં પણ દક્ષિણ પ્રદેશમાં સારાં મનુષ્યો વસતાં નહોતાં અને હાલમાં ઇતિહાસના અભ્યાસકો પણ એમ જ કહે છે-કે દક્ષિણ દેશમાં જંગલી અને આચાર વગરના લોકો વસતા હતા.

વળી સ્વામીજીએ વિવાહ મીમાંસાનું પુસ્તક છપાવ્યું છે તેના અંતભાગમાં પછવાડે "Total population of Namburi Brahmins in the State of Cochin" કોચીનના નંબુરીનું વસ્તી પત્રક આપી ૧૫ વરસ પછી તથા તે પહેલાં લગ્ન થયેલ કન્યા વગેરેની સંખ્યા બતાવી છે. એથી પણ સ્વામીજી પૂર્વાશ્રમના નંબુરી બ્રાહ્મણ હોવાનું સમજાય છે.

ગ ગતકુંભના મેળા વખતે શ્રી પ્રયાગમાં આ શાંત્યાનંદ સરસ્વતીએ પણ અંત્યજોદ્ધાર કરવાની સભામાં કરવીર પીઠના શંકરાચાર્ય સાથે ભાગ લીધાનું પેપરોમાં પ્રસિદ્ધ થયેલ છે.

ઉપર પ્રમાણે શ્રી શાન્ત્યાનંદ સરસ્વતિના સંબંધમાં હકીકત હોવાથી તે શારદાપીઠના શંકરાચાર્ય થઇ શકે નહિ. તેમ વડોદરા નરેશને પણ તે ગાદીએ શંકરાચાર્ય બેસાડવાનો હક્ક નથી-એ સર્વ ઉપર દર્શાવેલ છે. અને તે સંબંધી હાલ અદાલત ચાલુ છે એટલે વિશેષ સ્પષ્ટી કરણ કરવા માંગતા નથી

(૧૬) શ્રી વડોદરા નરેશના ખાતાધીકારીએ પાંચ ઇસમનાં નામ આપ્યાં. તેમાંથી શાન્ત્યાનંદ સરસ્વતીની નીમણુક કર્યાથી કૈ. શ્રીમન્માધવતીર્થ સ્વામિના સંવત ૧૯૬૦ માં થયેલ બ્રહ્મચારિ શિષ્ય શ્રી પૂર્ણાનંદ સ્વરૂપ નાસીપાસ થયા અને શ્રી શારદાપીઠની ગાદીની ડાકોરની મિલકત બાબત અદાલત ચાલતાં આખરે તેમાંથી ચિત્ત ખસેડી લીધું અને પોતાની ચાલુ સ્થિતિમાં રહી જીંદગી ગુજારવી પસંદગી કરી અને સં. ૧૯૫૯ માં કૈ૦ શ્રીમન્માધવ તીર્થ સ્વામિએ કરેલા બ્રહ્મચારી શિષ્ય શ્રી પરમાનંદ સ્વરૂપે અદાલત ચાલુ રાખી.

(૧૭) ઉપરના પેરાઓમાં દર્શાવ્યા પ્રમાણે શ્રી ગોવર્ધનમઠના શંકરાચાર્ય તથા તેમના પટ્ટ શિષ્ય સુબ્રહ્મણ્યદેવ તીર્થ તથા પરમહંસ ભોમાનંદ તથા કેટલાક કાઠીઆવાડીઓ અને શ્રી ગોવર્ધન પીઠના સન્માનીત તથા અન્માનીત શિષ્યોએ મળીને કાઠીઆવાડમાં આવેલા પ્રભાસ પાટણમાં શ્રી શારદાપીઠની ગાદીનું કેવળ પાયા વિનાનું ચણુતર ખડું કરી તેના શંકરાચાર્ય તરીકે આર્યસમાજમાં રહેલા અને પાછળથી દંડ લેઇ તેને તિલાંજલી આપનાર ત્રિવિક્રમ [illegible]ને બનાવી દીવાથી શ્રી ભગવાન્ ભાષ્યકાર શ્રી આદ્ય શંકરાચાર્યના મહાનુશાસન મઠામ્નાય ઉપર પગ દેઇ તેનો ભંગ કર્યો છે. શ્રી ગોવર્ધનપીઠાધીશ્વર વયોવૃદ્ધ અને ભોળા દીલના હોવાથી [illegible] તેવા પતિત તથા આર્યસમાજમાં રહેલા હોય તેવાને તપાસ કર્યા વિના દંડ આપે એ તદન શોચનીય છે.

(૧૮) આ બધું ચાલતું હતું તેવામાં બ્રહ્મચારી પરમાનંદ સ્વરૂપે કેટલીક અમદાવાદની શિષ્ટ મંડલીને સાથે લેઇ શ્રી ગોવર્ધન પીઠાધીશ્વર અમદાવાદ બીલાડીવાળાના બાગમાં ઉતર્યા હતા ત્યાં ગયા અને કેટલીક વાતચીત કરી. પણ પ્રપંચીનાં પૂતળાં અને સન્માનિત શિષ્યનો દાવો કરનારાઓએ હાજી હા કહેવડાવી, નિષ્પાપ પીઠાધીશ્વરને ભૂલ ખવરાવી. બીજે દિવસે કાઠીઆવાડી પ્રપંચનું પોકળ ઉઘાડું પડયું અને આર્યસમાજમાં રહેલા અનધિકારી અને હરેક રીતે આચાર્ય થવાને વળખાં મારનાર ત્રિવિક્રમતીર્થને પ્રભાસના શંકરાચાર્ય બનાવવાની

તૈયારી થઇ ગઇ. ગોવર્ધન પીઠાધીશ્વર પુરી તરફ પધારી ગયા અને તેમનું સન્માનિત તથા અન્માનિત ટોળું ત્રિવિક્રમ તીર્થને લેઇ પ્રભાસ તરફ ગયું.

(૧૯) બાદ બ્રહ્મચારી શ્રી પરમાનંદ સ્વરૂપે ભરૂચ ભૃગુ ક્ષેત્ર કે જ્યાં તેમના ગુરૂ દૈ. શ્રીમન્માધવ તીર્થ સ્વામિએ સંવત ૧૯૩૪ માં સંન્યસ્ત લીધું હતું ત્યાં મુંબઇ–નવસારી–ગણદેવી–ધમડાછા–સુરત–અમદાવાદ–ડાકોર વગેરે ગામોના વિદ્વાનો સમક્ષ કરનાળી ક્ષેત્રના એક આશ્રમ યોગ પટ્ટવાલા સ્વામિને હસ્તે સંન્યસ્ત દીક્ષા લીધી અને શ્રીમદ્રાજરાજેશ્વરાશ્રમ યોગપટ્ટ ધારણ કર્યો.

સંન્યાસ દીક્ષા લીધા બાદ ડાકોરમાં શ્રી શારદા પીઠાધીશ્વર પદે તેમનો પટ્ટાભિષેક કરવાની તૈયારીઓ શ્રી શારદાપીઠને માનનારી પ્રજાના આગેવાનોએ કરી રાખી હતી. એથી ભરૂચથી સઘળા વિદ્વાનો સાથે સ્વામિ શ્રીમદ્રાજરાજેશ્વરાશ્રમ કેટલાક સ્વામિઓ સાથે ડાકોર પધાર્યા; અને શુભમુહૂર્તે સમયે તેઓશ્રીનો શ્રી શારદાપીઠને માનનારી ધાર્મિક પ્રજા સમક્ષ વિધિપૂર્વક પટ્ટાભિષેક કર્યો. તે દિવસે ડાકોરના બ્રાહ્મણોની ચોરાશી કરી. શ્રી શારદાપીઠના સેવક અમદાવાદના આગેવાનો શ્રીમચ્છારદાપીઠાધીશ્વર જગદ્ગુરૂ શંકરાચાર્ય શ્રીમદ્રાજ રાજેશ્વરાશ્રમ સ્વામી મહારાજને ચાતુર્માસ કરવા અમદાવાદ તેડી ગયા. ત્યાંથી માગસર સુદ ૨ ૧૯૭૪ ને રોજ પોતે વિજય યાત્રાએ એટલે ધર્મોપદેશ માટે શિષ્ય સંચારાર્થે નીકળ્યા છે. તેઓશ્રીને પોતાના સંચાર દરમ્યાન જણાયું કે હાલમાં ડેરી કંપનીઓમાં દુધ જતું હોવાથી લોકોને ચોખ્ખાં દુધ ઘી દહીં છાસ મલતાં નથી, અને ઉછરતી વયની પ્રજા નિર્બળ અને રોગી બને છે માટે તે તથા છોકરાઓમાં ચાહ તથા બીડી પીવાની બદી વધી ગયેલી છે તે તથા કન્યા અને વર વિક્રય વગેરે બંધ કરાવવાં, અને પાઠશાળાઓ સ્થાપવી વગેરે ઉપદેશદ્વારા કરે છે; તથા હાલમાં હોમરૂલ મેળવવાની લાલચમાં અન્ત્યજોને અડકવામાં દોષ નથી એવું માનનારા તથા મનાવનારાથી સાવચેત રહેવા શ્રી શારદા પીઠની ધાર્મિક પ્રજાને નીચે પ્રમાણે ઢંઢેરો કાઢી ચેતાવી.–"અમારા ગુરૂ પરંપરા પ્રાપ્ત શ્રી શારદાપીઠના ધર્માધિકારની મર્યાદાના પ્રદેશમાં વસતા ચારે વર્ણના જન સમુદાયે એમ જાણવું જે હાલમાં ધર્મ અને અધર્મના વિવેકથી વિમુખ થયેલા પોતાને આર્ય માનનારા પોતાને આચાર્ય માનનારા પોતાને પંડિત માનનારા અને શિષ્ટતાનો બુરખો ધારનારા પણ પશુના જેવી પ્રવૃત્તિમાં લાગેલા તથા સ્પર્શ માત્રથી અન્ત્યજોનો ઉદ્ધાર કરવા ઇચ્છનારા અર્થ સિદ્ધિના આભાસ માત્રથી વ્યામોહ પામીને અન્ત્યજાદિને અડકવામાં દોષ નથી એમ પ્રતિપાદન કરવાને તત્પર થયેલા આર્યકુલના કલંકનો અર્થ સારનારા કેટલાક કલિ પુરૂષો કળિયુગના સ્વભાવના પ્રભાવથી ઉત્પન્ન થયેલા છે. તેઓ હાજરી વડે [illegible] અનુમોદન વડે સહાનુભૂતિ દર્શાવીને તથા આચરણે કરીને પ્રજાજનને ઠગે છે. અને [illegible] ધર્મ મર્યાદામાંથી અવળે માર્ગે દોરી જાય છે તેઓના વચનમાં અને વર્તનમાં વિશ્વાસ નજ કરવો એવી અમારી આ ધાર્મિક આજ્ઞા છે તે અમે પ્રસિદ્ધ કરી છે." ઇતિશિવમ્ ॥ આ આજ્ઞાપત્ર સંસ્કૃત તથા હિન્દી અને ગુજરાતી ભાષામાં છપાવી રાજા મહારાજાઓ તથા શિષ્ટ જનોને શ્રી શારદાપીઠના ધાર્મિક પ્રદેશમાં વસે છે અને ધર્મ મર્યાદા સમજે છે તેમને ટપાલ દ્વારાએ વર્તમાન પત્ર દ્વારાએ જણાવવામાં આવશે. આ આજ્ઞા પત્ર કાઢવાનું કારણ કે અન્ત્યજાદિનો સ્પર્શ કરવાની તરફેણમાં કેટલાક કહેવાતા શંકરાચાર્યોએ મૌન્ય વડે યા ખુલ્લી રીતે હાજરીવડે સહાનુભૂતિ આપી છે તેમનાથી હિંદુ પ્રજા ઠગાય કે છેતરાય નહિ એજ.

હાલમાં શ્રી મદ્રાજરાજેશ્વરાશ્રમ શંકરાચાર્ય મહારાજશ્રી ડાકોરમાં બિરાજે છે ઇતિશીવમ્.

શ્રી જગદ્ગુરૂ સ્થાનની સવારી મુ. ડાકોર.
મિતિ–શ્રી મહાશિવરાત્રિ સંવત ૧૯૭૪.

કેશવલાલમગનલાલ ત્રિવેદી.
શ્રી શારદાપીઠ—કાર્યાધિકારી.

શ્રી સનાતન હિંદુધર્મના ર
ગોળ, દુધ, દહીં અનાજ અને ઓસડ
મળવા પણ કેટલાં મુશ્કેલ થઇ પડયાં, છે ?
જાહેર વર્તમાન પત્રો—માસિક કે અઠવ.
દશા છે. આપણા દેશની પ્રજાનો નવશિક્ષિત ગણાતા
વખતથી આપણા લાયકીવિના નાયકી લેઇ પડેલા નામધાર.
ભોગ થઇ પડેલો હોઇ તેમની પોતાનીજ ભૂલના ભોંયરામાં અથાઅ
અને નામની લાલચોમાં લપટાવવા પ્રપંચની જાળ બિછાવી બેઠા છે. છ.
પણ પેપરોનું આવું અંધેર છે. સનાતન હિંદુધર્મનું તો શરૂઆથી તેમજ વિ.
પ્રયાસ છચોક ખુલ્લેખુલ્લો ચાલે છે. તેમાં દહીંદુધીઆ સભ્યંમન્ય લેખકો માનતા
દલાલીઓ ગાંઠી ગપ્પર બની બેસે છે. બીજા ધૂર્ત અને ધુર્તના દલાલો ગમે તેમ
અને મનાવે, પણ સાચા વિચારકો તો એમ સ્પષ્ટ રીત્યે લખે છે અને બોલે છે કે સુધારાના
નામે ચાલતો મામલો તે હિંદુ પ્રજાની હયાતિનોજ મૂળમાંથી ઉચ્છેદ કરવાનો પ્રપંચજ છે.
વિવિધ સોસાઇટીઓ અને સમાજો અને જાહેર પત્રો હિંદુધર્મના ખૂન દ્વારા હિંદુપ્રજાનો
મૂળોચ્છેદ કરવામાં ભાગ લેઇ રહ્યાં છે.

તો હિંદુધર્મનું અને આખા હિંદુ પ્રજાનું ખૂન થતું અટકાવવાની ફરજનું જેને ભાન
હોય એવા દરેક હિંદુના સંતાનની પહેલી ફરજ એજ છે કે આ "મહાજ્યોતિઃ" રૂપ
અમોઘ હથિયાર લેઇ હિંદુધર્મના શત્રુઓનો પરાજય કરવો.

ભવિષ્યના જમાનાને અહિંદુપણાના કળણમાં ફસાતાં આ અંધાધુધીના સમયમાં બચા-
વનાર એકજ પ્રકાશ શ્રી "મહાજ્યોતિઃ" નોજ છે તેનો ઠામ ઠામ ફેલાવ કરવો એ
આંધળાંઓને આગમાં પડતા ઉગારવા જેટલું પુણ્ય છે. મુન્તમાં મજેલી શ્રી સનાતન હિંદુ-
ધર્મ સભાએ આ "મહાજ્યોતિઃ" ને પોતાના ખાસ મુખવાદ્ય પત્ર (organ) રૂપે સ્વીકારેલું છે.

સનાતન હિંદુ ધર્મનાં સ્વરૂપ લક્ષણ જાળવીને જેઓ હિંદુ પ્રજામાં કરવા યોગ્ય
ધર્મ સુધારણાનાં સ્વરૂપ જાણવાને ઇચ્છતા હોય તેઓને પણ આ "મહાજ્યોતિઃ" ના
પ્રકાશની ખાસ જરૂર છે.

'ધર્મજ્ઞ અને પ્રતિષ્ઠિત ગણાતા વિદ્વાનો અને માન્ય પુરૂષો પણ [illegible] લાલચે
બળેતી વાતો જણાવી ભરોસે રહેતા ભોળા લોકોને ભરમાવી આંધળે [illegible] કટાવે
છે, આવા વખતમાં શરમ સિફારસને ગરદન મારી નિશંકપણે અને નિર્ભયપણે
સનાતન હિંદુધર્મનું સચોટ મંડન કરનાર અને પ્રતિપક્ષીઓનું ખુલ્લે ખાંડે ખંડન
કરનાર તથા ખટપટના ખરાબાના ખડકોથી ચેતાવી સત્યમાર્ગ દર્શાવનારું દીવાદાંડી,
અને વિધર્મી સંસ્કારવાળી સંસ્થાઓના વિચારરૂપી ઘુવડ, વાગોળો અને ચામાચીડિયાંને
ભગાડનાર [illegible] પ્રકાશસમ આ શ્રી મહાજ્યોતિઃનું વાર્ષિક મૂલ્ય પોસ્ટેજ સાથે માત્ર રૂ. ર)
બે [illegible] અનાજ જેવડાં દરમાસે બત્રીશ પૃષ્ઠ એટલે વર્ષે લગભગ પચાસ ફરમા
૪૦૦ પૃષ્ઠનું [illegible] હિંદુધર્મસંમત સંગીન લખાણ ચોખ્ખે ચોખ્ખું ગ્રાહકને મળે તેમ
[illegible] રહેશે તો તે આદર્શરૂપ એક આચાર્યકુળ સ્થાપવામાં

। હાવ. ચઢ ।
...ના પ્રસારની ખાતર પ્રત્યેક હિંદુ
...ઓને ગ્રાહક બનાવશો તોજ હિંદુ ચોડીમા

વિજ્ઞાપક.

રતિલાલ મનસુખરામ પટેલ.
સંપાદક–શ્રી "મહાજ્યોતિ:"
અમદાવાદ.

श्री गणेशरहस्य–धर्मसंकेत.

(કર્તા–ધર્મવીર નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.)

મૂલ્ય રૂ. ૦–૪–૦ પોસ્ટેજ સાથે.

હિંદુઓનું સર્વસ્વ તેમના ધર્મમાં સમાયલું છે. પણ તે તેમને દેખાડી આપનાર પુરૂષો કાળે કરીને ઘણા ઓછા થતા જાય છે; અને હિંદુ ધર્મમાં કાંઈ પ્રજોપયોગી કે દેશોન્નતિ કરનાર તત્ત્વ નથી એવું કહેનાર નવશિક્ષિત મર્મોનો કોલાહલ વધતો જાય છે. પણ હિંદુધર્મની દરેક બાબતમાં દેશની પ્રજાની હયાતી જાળવી રાખી તેનો અભ્યુદય અને મોક્ષ પણ સાધી આપવા સમર્થ ઉપદેશનો સંકેત રહેલો છે; ધર્મ, અર્થ અને કામ, તથા મોક્ષ પણ મળે તેવો સદ્બોધ રહેલો છે. તેનો નમુનો દર્શાવનાર આ એક લઘુ ગ્રન્થ છે.

આ નાનકડો ગ્રંથ પ્રથમ "વિદ્યાર્થિ જીવન" માસિકમાં પ્રસિદ્ધ થઈ ગયો છે, પણ તે ગ્રંથ ઘણા વાચકોને પ્રીતિપાત્ર થઈ ગયેલો હોવાથી વારંવાર તેની જુદી આવૃત્તિ થાય તેવી ઘણાક સજ્જનોએ ઇચ્છા દર્શાવી હતી, તેથી આ ગ્રંથના ગ્રાહક થવાની ઇચ્છા હોય તેમણે જલદી મંગાવી લેવો. કેમકે "શ્રી મહાજ્યોતિ" માસિકના ગ્રાહકોને કેટલીક નકલો ભેટ આપવામાં જતાં બાકી ઘણી થોડી નકલો રહેશે. તેથી તે મંગાવવામાં વિલંબ કરનારને નિરાશ થવાનો સંભવ રહેશે.

હિંદુ પ્રજાનું સંરક્ષણ અને હિંદુ પ્રજાની ઉન્નતિ કરવાનું ખરૂં જ્ઞાન આ ગ્રંથના મનનથી થઈ તેમ છે. નવશિક્ષિતોની નકામી લવરીથી અને ચીથરીઆ લખાણોથી ...થામાં ઓર અધિક અનર્થનો ઉમેરો થતો જાય છે. જો તમારે ગંભીર અર્થથી ભરેલા સાહિત્યનો સ્વાદ ચાખવો હોય તો તમે આ લઘુ ગ્રંથના પ્રેમે તે દરેક ઉપર દૃષ્ટિપાત કરો.

જો હિંદુ ધર્મની બાબતોનું ગૌરવ અને તે સમજવાની કુંચીઓ આપ મેળવવી હોય તો આ ગ્રંથ વાંચવો. ઇતર ધર્મો હિંદુ ધર્મની તત્ત્વ સમૃદ્ધિ આગળ કેવા નિસ્તેજ છે તે સમજવું હોય તો જરૂર આ ગ્રંથ વાંચો. धर्मएव हतोहन्ति धर्मोरक्षति रक्षितः। 'જો રખ્ખે દઢ ધર્મકો તાહિ રખે કિરતાર' એ વાક્યનું તત્ત્વ સમજવું હોય તો આ ગ્રંથનું પરિશીલન કરો. ગ્રંથ મળવાનું સરનામું–

રતિલાલ મનસુખરામ પટેલ. સંપાદક–શ્રી મહાજ્યોતિ